**માન.અધ્યક્ષશ્રી,**

- ✓ ગુજરાત ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રનું પાવરહાઉસ છે. ગુજરાતે ઔદ્યોગીક ઉત્પાદન ક્ષેત્રે વિકાસમાં હરણફાળ ભરી છે જેના થકી ગુજરાત સમગ્ર દેશમાં "મેક ઇન ઈન્ડિયા અભિયાન" હેઠળ તમામ રાજયોમાં સાચા અર્થમાં અગ્રેસરની ભૂમિકા ભજવેલ છે.
- ✓ ગુજરાત ઘણા બધા મહત્વના ક્ષેત્રોમાં સમગ્ર દેશમાં અગ્રેસર બનીને ઉભર્યુ છે અને તેના થકીજ તે સીધા વિદેશી રોકાણ માટે પ્રથમ પસંદગીનું સ્થળ બની રહ્યું છે.
- ✓ ગુજરાતની ઉદ્યોગ સ્થાપવા અને ચલાવવા માટેની સુવિકસિત માળખાકીય સુવિધાઓ તેમજ સરકારશ્રીની પ્રોત્સાહક નીતિઓના ભાગરૂપે ગુજરાત સરકાર ખુબ મોટા પ્રમાણમાં મુડીરોકાણ આકર્ષી શકી છે. આ મુડીરોકાણના પરિણામે રાજય અને દેશની આર્થિક વ્યવસ્થામાં અનેક ગણી હકારાત્મક અસર થઇ છે તેમજ નવી રોજગારીઓનું સર્જન થયેલ છે.
- ✓ દેશની માત્ર ૫%વસ્તી અને ૬% જમીન ધરાવતા ગુજરાતનો ૨૦૨૦–૨૧ માં જી.એસ.ડી.પી. ભારતના જી.ડી.પી.નો ૮.૨૭% રહ્યો હતો.
- ✓ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની બિઝનેસ ફ્રેન્ડલી નીતિઓ, પારદર્શક રીતે અને ઝડપી મંજૂરીઓ મળવાથી રાજ્યમાં ઉદ્યોગો માટે અવિરત વીજ પુરવઠો સાથે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો માર્ગ મોકળો થયો. સરકારના આ હકારાત્મક પ્રયાસોએ ઉદ્યોગકારોને આકર્ષીત કરવામાં મહત્વનો ભાગ ભજવેલ છે.

**ઔદ્યોગિક ઝાંખી**

- ✓ વર્ષ ૨૦૧૯–૨૦ ના ભારત સરકારના ઉદ્યોગો માટેના વાર્ષિક સર્વેક્ષણમાં દર્શાવ્યા અનુસાર, સૌથી વધુ ફેક્ટરીઓ સાથે ગુજરાત ભારતમાં બીજા ક્રમાંકે રહી ઔદ્યોગિક ક્ષેત્રે પણ પ્રભુત્વ ધરાવે છે. રાજ્યમાં લગભગ ૨૮,૪૭૯ ફેક્ટરીઓ ૧૬ લાખ લોકોને સીધી રોજગારી પૂરી પાડે છે.
- ✓ ભારતના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮.૧૪%ના યોગદાન સાથે ગુજરાત દેશમાં ટોચનું સ્થાન ધરાવે છે.
- ✓ વર્ષ ૨૦૧૯-૨૦ ના એન્યુઅલ સર્વે ઓફ ઈન્ડસ્ટ્રીઝ (ASI) ના પરિણામ અનુસાર, ગુજરાત સમગ્ર દેશમાં અનુક્રમે

- ○ ગ્રોસ પ્રોડક્શન– સમગ્ર ભારતના ૧૮.૨%,
- ○ ફિક્સ્ડ કેપિટલ – સમગ્ર ભારતના ૨૦.૬%
- ○ નેટ વેલ્યુ એડેડ– સમગ્ર ભારતના ૧૫.૭% ના હિસ્સા સાથે દેશમાં પ્રથમ સ્થાને છે.

✓ વર્ષ ૨૦૦૨-૦૩માં ગુજરાતની કુલ નિકાસ રૂ.૧,૦૦૮ કરોડ હતી. જે ૨૦૨૧-૨૨માં વધીને ૯.૪ લાખ કરોડ રૂપિયા થઈ છે. ગુજરાત હાલમાં ભારતની નિકાસમાં ૩૦% ફાળો આપે છે. જેના લીધે તે સર્વોચ્ચ નિકાસકર્તા રાજ્ય તરીકે સ્થાપિત થયેલ છે.

✓ એકંદરે, ગુજરાતના બંદરો ભારતના ૪૦% કાર્ગોનું સંચાલન કરે છે.

## મૂડીરોકાણ

✓ ભારતના કુલ નિશ્ચિત મૂડી રોકાણના લગભગ ૨૦.૬% સાથે, ગુજરાત તે શ્રેણીમાં ભારતમાં પ્રથમ ક્રમે છે.

✓ વર્ષ ૨૦૦૩થી અત્યાર સુધી, ગુજરાતમાં ૫૧.૧૯ બિલિયન ડોલરનું સીધું વિદેશી રોકાણ આવ્યું છે. કોવિડ–૧૯ના સમયગાળા દરમિયાન પણ, જ્યારે વૈશ્વિક અર્થવ્યવસ્થા ધીમી પડી ગઈ હતી અને તે સમયગાળામાં વાઈબ્રન્ટ સમિટ પણ યોજાઈ ન હતી, ત્યારે રાજ્યએ વર્ષ ૨૦૨૦–૨૧માં ૩૭% સીધું વિદેશી રોકાણ મેળવ્યું હતું. જે એ હકીકતનો પુરાવો છે કે ગુજરાત પ્રતિકૂળ પરિસ્થિતિ દરમિયાન પણ રોકાણ માટે પસંદગીનું સ્થળ છે.

✓ વર્ષ ૨૦૨૨ માં પણ ગુજરાતમાં એપ્રિલ–ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન ૪.૧ બિલિયન ડોલરનું સીધું વિદેશી રોકાણ પ્રાપ્ત થયું છે, જે ગયા વર્ષે પ્રાપ્ત કુલ સીધા વિદેશી રોકાણના ૧૫૩% છે.

✓ ભારત સરકાર દ્વારા પ્રકાશિત આંકડાકીય માહિતી અનુસાર, વર્ષ ૨૦૧૦ થી ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં ફાઇલ કરાયેલા તમામ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનના ૧૬.૩% સાથે, અને કુલ ૧૪ લાખ કરોડના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન સાથે ગુજરાત ભારતમાં પ્રથમ ક્રમે છે.

✓ ભારત સરકાર દ્વારા પ્રકાશિત આંકડાકીય માહિતી અનુસાર ૨૦૧૦ થી ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં ફાઇલ કરાયેલા તમામ કમિશન્ડ ઈન્વેસ્ટમેન્ટના ૫૫% સાથે, અને

કુલ ૧૮.૫ લાખ કરોડના કમિશન્ડ ઈન્વેસ્ટમેન્ટ સાથે ગુજરાત ભારતમાં પ્રથમ ક્રમે છે.

- ✓ છેલ્લા ત્રણ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૫, ૨૦૧૭ અને ૨૦૧૯ દરમિયાન કુલ ૭૪,૪૩૮ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન ફાઈલ કરવામાં આવ્યા છે. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં તેમાંથી, ૫૩,૫૮૯ પ્રોજેક્ટ્સ પહેલેથી જ કાર્યરત થઈ ચૂક્યા છે, અને ૨,૬૩૧ પ્રોજેક્ટ અમલીકરણના તબક્કામાં છે.

## મુખ્ય નીતિગત પહેલ

- ✓ વિશ્વ હજુ પણ કોવિડ-૧૯ રોગચાળાના આફ્ટરશોક્સમાંથી બહાર આવી રહ્યું હોવાથી, ભારત સહિત લગભગ તમામ રાષ્ટ્રોએ ગ્લોબલ સપ્લાય ચેઈનમાં વિક્ષેપ જેવા પડકારોનો સામનો કર્યો છે. ભૌગોલિક રાજકીય ઘટનાઓને કારણે આજે પણ તે જ ચાલુ છે.
- ✓ આવા યોગ્ય સમયે, આપણા લોકલાડીલા યશસ્વી વડાપ્રધાનશ્રી દ્વારા આપવામાં આવેલ "આત્મનિર્ભર ભારત" માટેનો સંકલ્પ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશોની પ્રથમ પંકતિમાં લઈ જવા મદદરૂપ નીવડશે.
- ✓ ઉત્પાદન સંલગ્ન પ્રોત્સાહન યોજનાઓ અથવા મેગા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ માટેની યોજનાઓ, બલ્ક ડ્રગ પાર્ક અથવા ટેક્સટાઈલ પાર્ક દ્વારા મહત્વના ક્ષેત્રોમાં ભારતને ગ્લોબલ ચેમ્પિયન બનાવવાનો હેતુ ધરાવે છે.

## ઉદ્યોગો માટેની "આત્મનિર્ભર ગુજરાત સ્કીમ"

- ✓ ભારતના સૌથી વધુ ઔદ્યોગિક રાજ્ય ગુજરાતે આ બાબતે ભારતને અગ્રેસર બનાવવાની પહેલ યોગ્ય રીતે હાથ ધરી છે અને ઉદ્યોગોને સહાયતા માટે 'આત્મનિર્ભર ગુજરાત સ્કિમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ' શરૂ કરી છે.
- ✓ આ આગવી યોજનાનો ઉદ્દેશ્ય યુવાનોને તેમની સાહસિક મહત્વાકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે પ્રોત્સાહન આપવાનો છે.
- ✓ આ નવીન યોજના સ્ટેટ જી.એસ.ટી. ની ૧૦૦ ટકા ભરપાઈ

- ✓ પ્રોવિડન્ડ ફંડ યોગદાનની ૧૦૦ ટકા ભરપાઇ કુલ મળીને આ યોજના એમ.એસ.એમ.ઈ. ના કુલ મૂડી રોકાણના ૧૦૦ ટકા સુધી પ્રોત્સાહન આપે છે.
- ✓ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ગ્રીન હાઇડ્રોજનની સાથે નવીનીકરણ ઉર્જા સાધનો, ફ્યુઅલ સેલ, ગ્રીન અમોનિયા સહિતની સમગ્ર વેલ્યુ ચેઇન માટેની યોજના છે.
- ✓ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં આપણા માનનીય વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલા 'પંચામૃત' ના સિધ્ધાંતોને અનુરૂપ આ યોજના છે.
- ✓ ઑક્ટોબર ૨૦૨૨માં માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દૂરંદેશી નેતૃત્વ હેઠળ શરૂ કરાયેલી આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીઝ ૨૦૨૨ હેઠળ આગામી વર્ષોમાં રાજ્ય રૂ.૧૨.૫ લાખ કરોડથી વધારાનું રોકાણ આકર્ષે તેવી અપેક્ષા છે. આ યોજનાથી અંદાજીત ૧૫ લાખ જેટલી રોજગારીની તકોનું સર્જન થવા સંભાવના છે.
- ✓ માત્ર છેલ્લા ૧ મહિનામાં, અમે રૂ.૬૭,૫૫૦ કરોડના સંચિત રોકાણ અને ૩૮,૬૦૦ રોજગારીની સંભાવના સાથે ૩૬ મોટા અને મેગા ઉદ્યોગો સાથે રોકાણ આશય પર હસ્તાક્ષર કર્યા છે, જે ઉદ્યોગનો આ સ્કીમ પ્રત્યે વિશ્વાસ દર્શાવે છે.
- ✓ અર્થતંત્રના મહત્વના ક્ષેત્રો જેવા કે, ફૂડ પ્રોસેસિંગ, ટેક્સટાઇલ, ઇલેક્ટ્રિક વાહનો, ઇલેક્ટ્રોલાઇઝર ઉત્પાદન, ગ્રીન હાઇડ્રોજન/ગ્રીન એમોનિયાનો વિકાસ, સોલાર સેલ મેન્યુફેક્ચરિંગ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, મેટલ્સના ક્ષેત્રમાં એમ.ઓ.યુ.ના હસ્તાક્ષર કરવામાં આવેલ છે.
- ✓ આ યોજનાઓ દેશના વિકાસમાં અગત્યનો ભાગ ભજવશે અને તેના થકી "આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત સુધી" ના સંકલ્પને સાચા અર્થમાં ચરિત્રાર્થ કરશે.

## ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ (ઉદ્યોગ કરવા માટેની સરળીકરણની પ્રક્રિયા)

- ✓ મૂડીરોકાણ આકર્ષવા ઉપરાંત, રાજ્ય સરકાર ઇન્વેસ્ટમેન્ટ ફેસિલિટેશન અને ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ પર એકસમાન ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.
- ✓ સિંગલ વિન્ડો પોર્ટલ – રોકાણકાર સુવિધા પોર્ટલ વિકસાવનારૂ ગુજરાત દેશના પ્રથમ રાજ્યોમાંનું એક હતું.
- ✓ છેલ્લા બે વર્ષમાં ૨૫થી વધુ નવી એપ્લિકેશન અને એપ્રુવલ્સ વિકસાવવામાં આવ્યા છે અને રોકાણકાર સુવિધા પોર્ટલ સાથે સંકલિત કરવામાં આવી છે. હાલમાં, રોકાણકાર સુવિધા પોર્ટલ પર ૧૮ વિભાગોને લગતા ૧૮૦થી વધુ બિઝનેસ રજીસ્ટ્રેશન/એપ્રુવલ્સ ઉપલબ્ધ છે અને આ પોર્ટલે ૧૨.૭ લાખથી વધુ અરજીઓ પ્રોસેસ કરી છે.
- ✓ રોકાણકાર સુવિધા પોર્ટલ પરની દરેક અરજીમાં રાજ્યના રાઈટ ઓફ સિટીઝન ટુ પબ્લિક સર્વિસીસ અધિનિયમ હેઠળ જારી કરાયેલ સર્વિસ ડિલિવરીનો પૂર્વનિર્ધારિત સમયગાળો હોય છે જેનું દૈનિક ધોરણે નિરીક્ષણ કરવામાં આવે છે.
- ✓ રોકાણકાર સુવિધા પોર્ટલ એ પણ પ્રથમ પોર્ટલ છે જેને ભારતના સરકારના નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ સાથે સંકલિત કરવામાં આવ્યું છે. જે રોકાણકારોને રાજ્ય સરકારની વિભિન્ન મંજૂરીઓ મેળવવા માટે સક્ષમ બનાવે છે.
- ✓ એક વ્યાપક ઓનલાઈન લેન્ડ બેંક ઈન્ફોર્મેશન સિસ્ટમ વિકસાવવામાં આવી છે જે રાજ્યભરના સરકારી અને ખાનગી ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલી ઔદ્યોગિક જમીનની વિગતો પૂરી પાડે છે.
- ✓ સૌથી વધુ સંખ્યામાં કમ્પ્લાયન્સિસ હળવા કરવાના સંદર્ભમાં મિનિમાઇઝેશન ઑફ રેગ્યુલેટરી કમ્પ્લાયન્સ બર્ડનનો અમલ કરવામાં ગુજરાત અગ્રેસર છે.
    - ○ રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૨,૬૪૫ બિઝનેસ સેન્ટ્રીક કમ્પ્લાયન્સિસ અને ૨૯૪ સિટીઝન સેન્ટ્રીક કમ્પ્લાયન્સિસ સહિત કુલ ૨,૯૩૯ કમ્પ્લાયન્સિસ હળવા કર્યા છે. આમાં ૨૦૩ જેલ-અપરાધને ડિક્રિમિનલાઇઝ કરવામાં આવ્યા છે.

## ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

- ✓ રાજ્યના ઔદ્યોગિક વિકાસ ને વેગવાન બનાવવા માટે ઉદ્યોગ ને સાનુકુળ વ્યવસ્થાઓ વાજબી કિંમતે ઉપલબ્ધ થાય તે અત્યંત આવશ્યક છે. ઔદ્યોગિક વિકાસ ની આ પાયારૂપ આવશ્યકતા ને સાકાર કરવા, રાજ્યમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓને વેગ આપવા અને રોજગારીનું સર્જન કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે, જેના માધ્યમ થી ઉદ્યોગો માટે અનુકૂળ સ્થાનોને પસંદ કરી ઉદ્યોગ સાહસિકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જરૂરી માળખાગત સુવિધાયુક્ત ઔદ્યોગિક વસાહતો ની સ્થાપના કરવામાં આવી રહેલ છે.
- ✓ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ગત વર્ષોમાં અંદાજે ૪૧૦૦૦ હેક્ટર જેટલી જમીનનું સંપાદન કરી લગભગ ૨૩૯ જેટલી ઔદ્યોગિક વસાહતોની સ્થાપના કરી છે, જે અંતર્ગત ઔદ્યોગિક હેતુની સાથે સાથે ઉદ્યોગકારો અને તેના કર્મચારીઓ ના રહેઠાણ ની આવશ્યકતા ધ્યાને રાખી ૪૨ વસાહતોમાં અંદાજે ૧૫૮૮ હેક્ટર જેટલા રહેણાંક વિસ્તારનું પણ આયોજન કરેલ છે.
- ✓ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની દ્વારા નિર્માણ કરાયેલ અદ્યોગિક વસાહતોમાં લગભગ ૭૦ હજાર થી વધુ એકમો દ્વારા ૧૭ લાખ જેટલી રોજગારી ની તકોનું નિર્માણ થવા પામેલ છે.
- ✓ ગત વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ના માધ્યમ થી ૨૧ જેટલી નવી વસાહતોના નિર્માણ ની કામગીરી આરંભી દીધેલ છે, જેમાં
  - ❖ ભરૂચ જીલ્લા ના જંબુસર ખાતે ભારત સરકારના સહયોગ થી આત્મનિર્ભર ભારતના સંકલ્પના ભાગરૂપે લગભગ ૨૦૦૦ એકર વિસ્તારમાં આધુનિક સુવિધા યુક્ત બલ્ક ડ્રગ પાર્ક,
  - ❖ આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા રાજકોટના નાગલપુર ખાતે ૧૩૫ હેક્ટર વિસ્તારમાં મેડીકલ ડિવાઇસ પાર્ક,
    - ○ મોરબી ખાતે ૪૨૫ હેક્ટર વિસ્તાર માં સીરામીક ઉદ્યોગો માટેનો પાર્ક,
    - ○ ભાવનગરના નવા માઢિયા ખાતે ૧૪૩ હેક્ટર વિસ્તારમાં વ્હીકલ સ્ક્રેપેજ રીસાયકલીંગ પાર્ક,

- ○ વલસાડના કકવાડી દાંતી ખાતે સી–ફૂડ પાર્ક,
- ○ બનાસકાંઠાના મુડેઠા ખાતે ૨૪.૫ હેકટર વિસ્તારમાં એગ્રો ફૂડ પાર્કના નિર્માણની કામગીરી આરંભી દીધેલ છે.

- ▪ આ સાથે બનાસકાંઠા ના અમીરગઢ
- ▪ ભરૂચ જીલ્લાના દોંદવાડા ખાતે
- ▪ છોટા ઉદેપુર નાવનાર ખાતે
- ▪ દાહોદ ના ચાકલીયા ખાતે ના ટ્રાયબલ વિસ્તારમાં ઔદ્યોગિક વસાહતો ની સ્થાપના દ્વારા આ વિસ્તાર ના વિકાસ ની સાથોસાથ વનબંધુ ભાઇ–બહેનોની રોજગારી તકો ઉપલબ્ધ કરાવવા માટે આ સરકાર પ્રયત્નશીલ છે.

**આગામી આયોજન :**

- ✓ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના માધ્યમ થી આગામી વર્ષમાં અનેક નવી વસાહતોના અયોજન ની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે
- ✓ જેમાં, અમદાવાદ ના ગાંગડ ખાતે
- ✓ બનાસકાંઠા ના થરાદ
- ✓ વડગામ, લવાણા, ભિલડી, પાલનપુર ખાતે
- ✓ પાટણ ના સિધ્ધપુર અને સાંતલપુર ખાતે
- ✓ રાજકોટ ના વિંછિયા તેમજ છાપરા ખાતે
- ✓ ભરૂચના આમોદ ખાતે
- ✓ મહેસાણા માં જોટાણા તથા નાની ભલુ ખાતે
- ✓ ગાંધીનગરના કડજોદરા
- ✓ છોટા ઉદેપુર ના લડોદ ખાતે
- ✓ અમરેલીના સાવરકુંડલા ખાતે
- ✓ ગીર સોમનાથના નવા બંદર ખાતે
- ✓ ખેડા જીલ્લાના ઠાસરા ખાતે

- ✓ નવસારી ખાતે વાંશી–બોરસી સહિત ના વિવિધ સ્થળો ખાતે પોષણક્ષમ ભાવે જમીનની ઉપલબ્ધિ, ઉદ્યોગો ની સ્થાપના માટેની આનુષંગિક વ્યવસ્થા વિગેરે નો અભ્યાસ હાથ ધરવામાં આવશે.

## પારદર્શક અને લોકાભિમુખ વહીવટ :

- ✓ અમારી સરકાર તેના લોકાભિમુખ, પારદર્શક વહીવટ અને ઇઝ ઓફ ડુઇંગ બીઝનેસ ના અમલીકરણ માટે કટિબધ્ધ છે, જેના ભાગરૂપે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા તેની ઉદ્યોગકારો ને આવશ્યક મંજૂરી ની ૧૭ જેટલી સેવાઓ ને ઓનલાઇન માધ્યમથી ઉપલબ્ધ કરાવી લગભગ ૯૫૦૦૦ થી વધુ અરજીઓનો નિકાલ કરેલ છે.
- ✓ આ સરકારે તેના પ્રથમ ૧૦૦ દિવસના સંકલ્પ ને અનુસાર ઉદ્યોગકારો ની લાંબા સમયની માંગણી ધ્યાને રાખીને અનૂરૂપ નાના મોટા અનઅધિકૃત બાંધકામ ને નિયમિત કરવા માટેની  યોજના લાવી ઉદ્યોગકારોની સમસ્યાઓનો અંત લાવવા પ્રયત્ન કર્યો છે. આ સાથે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ની વિવિધ સેવાઓ ને લગતા ૧૩૦ જેટલા પરિપત્રોને  માત્ર ૧૫ પરિપત્રોમાં સંકલિત કરવામાં આવેલ છે જેના દ્વારા અનેક પરિપત્રોના અભ્યાસ અને અર્થઘટન ના પ્રશ્નનું નિરાકરણ કરી લોકાભિમુખ સરળ વહીવટ તરફની દ્રઢતા વ્યક્ત કરેલ છે.

## એમ.એસ.એમ.ઈ.નો વિકાસ

- ✓ ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા એ ગુજરાતના લોહિમાં છે. જેના કારણે ગુજરાતમાં ૧૧ લાખ કરતાં વધારે એમ.એસ.એમ.ઈ. એકમોનું મજબુત માળખું અસ્તિત્વમાં છે. આ વિવિધ ક્ષેત્રો જેવા કે, નાનાં ઓટો કંપોનન્ટથી લઈને ફુડ પ્રોસેસીંગ, કેમિકલથી લઈને અદ્યતન ટેકનોલોજીવાળા રક્ષા ઉપકરણોના કંપોનન્ટનો સમાવેશ થાય છે.

- ✓ મોટા ઉદ્યોગોના વિકાસમાં પણ એમ.એસ.એમ.ઈ. તેઓની સપ્લાઇ ચેઈનમાં અગત્યના કંપોનન્ટ અને બીજી આનુષંગિક વસ્તુઓ પુરી પાડીને મહત્વનો ભાગ ભજવે છે. આ એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગો ભારતના ઉત્પાદન ક્ષેત્રના વેલ્યુ ચેઈનનો ખુબ મહત્વનો ભાગ ભજવે છે.
- ✓ આજે એમ.એસ.એમ.ઈ. ઉત્પાદનની વેલ્યુ ચેઈનમાં સાદા માલ સામાનનાં ઉત્પાદનથી આગળ વધીને અત્યંત આધુનિક ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતું થયું છે અને તેના જ લીધે તે માનનીય વડાપ્રધાનશ્રીના “આત્મનિર્ભર ભારત” ના સંકલ્પને સાકર કરવામાં અહમ ભુમિકા ભજવી રહ્યું છે.
- ✓ ઉદ્યમ રજીસ્ટ્રેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં ચોથા નંબરે છે. ગુજરાતમાં સૌથી વધુ ઉદ્યમ રજીસ્ટ્રેશન અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને કચ્છ જીલ્લામાં થયેલ છે.
- ✓ સમગ્ર ભારતમાં થયેલ ઉદ્યમ રજીસ્ટ્રેશનના ટોપ ૧૦ જિલ્લાઓમાંથી ૨ જિલ્લાઓ ગુજરાતના છે. (અમદાવાદ અને સુરત)
- ✓ ગુજરાતમાં નોંધાયેલા એમ.એસ.એમ.ઈ. એકમો દ્વારા ૬૯ લાખથી વધારેની રોજગારીનું સર્જન થયેલ છે.

## પોલીસી સપોર્ટ

- ✓ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો વૈશ્વિક હરીફાઈમાં આગળ વધી શકે, આર્થિક રીતે સધ્ધર થઈ શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રમાં વેલ્યુ એડીશન, અત્યાધુનિક ટેક્નોલોજી અપનાવી ઔદ્યોગિક ઉત્પાદનમા વધારો, રીસર્ચ અને ડેવલોપમેન્ટ પર ભાર મુકીને નવીનતા આધારીત આત્મનિર્ભર ગુજરાત માટે નવી યોજના આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ એમ.એસ.એમ.ઈ.–૨૦૨૨ જાહેર કરવામાં આવી છે. આ યોજનાથી વિવિધ પ્રદેશો અને ક્ષેત્રોનો વધુ સંતુલિત વિકાસ થશે અને આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં મોટુ યોગદાન રહેશે .

**એમએસએમઈ સેક્ટર માટે નીચે મુજબની યોજનાઓ હાલમાં અમલીકૃત છે.**

- માઈક્રો મેન્યુફેક્ચરીંગ ઉદ્યોગો માટે કેપિટલ સહાય યોજના
- વ્યાજ સહાય યોજના મેન્યુફેક્ચરીંગ અને સર્વિસ સેક્ટર માટે
- નેટ એસજીએસટી રીઈમ્બર્સમેન્ટ યોજના
- ઈપીએફ રિઈમ્બર્સમેન્ટ ટુ એમએસએમઈ
- ગુણવત્તા સહાય યોજના
- એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનિંગ અંતર્ગત સહાય માટેની યોજના:
- ઝેડ સર્ટીફિકેશન માટેની યોજના
- ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી માટેની સહાય યોજના
- ટેક્નોલોજી એક્વિઝેશન માટેની સહાય યોજના
- પેટન્ટ રજીસ્ટ્રેશન માટેની સહાય યોજના
- વિજળી અને પાણીના વપરાશની બચત અંગેની સહાય યોજના
- એસએમઈ એક્સચેન્જ દ્વારા મૂડી ઉભી કરવા માટેની સહાય યોજના
- સીજીટીએમએસઇ ફીની ભરપાઈ માટેની યોજના
- પાવર કનેક્શન ચાર્જમાં રાહત માટેની યોજના
- સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને ભાડામાં સહાય માટેની યોજના

**મુખ્ય પહેલ**

✓ એમ.એસ.એમ.ઇ. એકમોની સ્થાપના માટે જરૂરી વિશેષ માળખાકીય સુવિધા અને એમ.એસ.એમ.ઇ. ની માહિતીની જરૂર હોય ત્યાં નિશુલ્ક માર્ગદર્શન અને માહિતી મળી રહે તે માટે આગામી નાણાંકીય વર્ષમાં ગુજરાત સરકાર દ્વારા પાંચ ઉદ્યોગ સહાયતાકેન્દ્રો સ્થાપવામાં આવનાર છે.

✓ એમ.એસ.એમ.ઈ એકમોના વિલંબિત ચુકવણાના સમાધાન માટે એમએસએમઈ એક્ટ-૨૦૦૬ અન્વયે કાઉન્સિલની જોગવાઈ કરવામાં આવી છે. જે અન્વયે ગુજરાતમાં હાલમાં ગાંધીનગર ખાતે કાઉન્સિલ કાર્યરત છે. પરંતુ ગુજરાતના એમએસએમઈ એકમોને વિલંબિત ચૂકવણા અંગે ત્વરીત સમાધાન મળી શકે તે માટે આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં ગુજરાતમાં ૫ (પાંચ) નવી

કાઉન્સિલની રચના કરવામાં આવનાર છે. (અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ) જેથી એમએસએમઈ એકમોના વિલંબિત ચુકવણાનો પ્રશ્ન સંપૂર્ણપણે સમાધાન થશે.

✓ માઈક્રો અને સ્મોલ એકમો કોલેટરલ ફ્રી/ સિક્યુરીટી વગર લોન મેળવી શકે તે માટે ક્રેડીટ ગેરંટી ટ્રસ્ટ ફોર માઈક્રો એન્ડ સ્મોલ એન્ટપ્રાઈઝ યોજનાની ગેરંટી ફીના ૧૦૦% અરજદારોને પાંચ વર્ષ માટે ગુજરાત સરકાર દ્વારા પરત કરવામાં આવે છે. સુક્ષ્મ અને લઘુ એકમોની મળતી કોલેટરલ ફ્રી લોનના ધિરાણમાં ગુજરાત ચાલુ નાણાકીય વર્ષમાં સમગ્ર ભારતમાં ત્રીજા ક્રમાંકે છે.

## સ્ટાર્ટઅપ્સ

✓ ગુજરાત, ઉદ્યોગ સાહસિકોની ભૂમિ હોવાને કારણે કેટલીક મોટી ભારતીય કંપનીઓ માટેનું ઉદ્ભવ સ્થાન રહ્યું છે, ગુજરાતની આ સહજ સંસ્કૃતિનો આ મજબૂત પાયો તેને વાઇબ્રન્ટ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવતું આગવું રાજ્ય બનાવે છે.

✓ રાજયના સ્ટાર્ટઅપ્સ/ ઈનોવેટર્સને પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી- ૨૦૨૦ હેઠળ “સ્ટાર્ટઅપ્સ નવીનતા પ્રોત્સાહન યોજના” બહાર પાડવામાં આવેલ છે જે સ્ટાર્ટઅપ્સને ૩૬૦ ડીગ્રી સ્પોર્ટ કરે છે જેમાં

- રૂ.૩૦ લાખ સુધીના સ્ટાર્ટઅપ દિઠ સીડ ફંડીંગ.
- સામાજીક અસરકર્તા સ્ટાર્ટઅપને રૂ.૧૦ લાખ સુધીની વધારાની સીડ ફંડીંગ સહાય.
- રૂ.૨૦,૦૦૦ પ્રતિમાસનો સસ્ટેનેબલ એલાઉન્સ ૧ વર્ષ સુધી. જો મહિલા સ્ટાર્ટઅપ હોય તો રૂ. ૨૫,૦૦૦ પ્રતિમાસનો સસ્ટેનેબલ એલાઉન્સ
- સ્ટાર્ટઅપ દ્વારા રાષ્ટ્રીય/આંતરાષ્ટ્રીય પ્રોગ્રામમાં ભાગ લેવા માટે રૂ.૩ લાખની સહાય.
- સ્ટાર્ટઅપ દ્વારા સોફટસ્કીલ વધારવા માટે રૂ. ૧ લાખની સહાય.
- નોડલ ઈન્સ્ટીટયુટને સ્ટાર્ટઅપ દિઠ રૂ.૧ લાખની સહાય.
- ભારતીય અર્થવ્યવસ્થાના મહત્વના ચાલકબળ બનવા જઈ રહ્યા છે અને ભારતને ફાઇવ ટ્રિલિયન યુ.એસ. ડોલર અર્થતંત્રના લક્ષ્ય તરફ લઈ જવા

માટે મહત્વપૂર્ણ બનશે. આ ઉપરાંત, માનવીની રોજબરોજની સમસ્યાઓના નિરાકરણ માટે નવીન તકનીકોનો ઉપયોગ કરી નાગરિકો માટે ઈઝ ઓફ લિવિંગ વધારવામાં પણ સ્ટાર્ટઅપ્સ યોગદાન આપશે, અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ૨૦૪૭ સુધીમાં "વિકસિત ભારત"ના નિર્માણના વિઝન માટે મહત્વપૂર્ણ રહેશે.

- ✓ આજ સુધીમાં, ઉદ્યોગ વિભાગે કુલ રૂ. ૫૫ કરોડના ભંડોળ સાથે લગભગ ૩૫૦ સ્ટાર્ટઅપ્સને સહયોગ આપ્યું છે.
- ✓ રાજયમાં જન સામાન્ય ખરીદીમાં સ્ટાર્ટઅપની ભાગીદારી વધારવા માટે અને સ્થાપિત ઉદ્યોગો માટે સ્ટાર્ટઅપ ઉદ્યોગો તંદુરસ્ત હરિફાઇ પુરી પાડી શકે તે માટે સક્રિય પણે હકારાત્મક પગલા લીધા છે અને ખરીદીના માપદંડો હળવા કર્યા છે. જેમ કે,
    - ઈએમડીમાંથી મુક્તિ
    - બીડ પ્રોસેસીંગ ફી મુક્તિ.
    - ટર્નઓવરમાં રાહત
    - અનુભવમાં છુટછાટ.

  આવી હકારાત્મક નીતિના પરિણામે રાજયમાં અનેક સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન મળી રહ્યું છે અને રાજયમાં સ્ટાર્ટઅપ્સનો વિકાસ થશે.
- ✓ આ પહેલોને કારણે જ, ગુજરાતને સતત ૩ વર્ષથી સ્ટેટ સ્ટાર્ટ–અપ રેન્કિંગ ફ્રેમવર્કમાં ભારત સરકાર દ્વારા "બેસ્ટ પરફોર્મર" તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.
- ✓ આવા યુવા સાહસિકોને વધુ સુવિધા આપવા માટે, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં વિવિધ હિતધારકોને એક મંચ પર લાવવા માટે એક સુધારેલું પોર્ટલ લોન્ચ કર્યું છે. આ પોર્ટલ પાસે સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શકો, રોકાણકારો, વગેરે સાથે જોડાવા માટેની ઓનલાઈન મિકેનિઝમ છે. ઉપરાંત, સ્ટાર્ટઅપ્સ માટે સહાય માટેની અરજીઓ ઑનલાઈન કરી શકાય છે.
- ✓ પોર્ટલની એક વિશેષતા છે, જેમાં સ્ટાર્ટઅપ ગુજરાત પોર્ટલ પર વિવિધ હિસ્સેદારોને સ્ટાર્ટઅપ્સ પોતાના ઉત્પાદનો/સેવાઓ પ્રદર્શિત કરી શકે છે, જેમાં તેમના બ્રોશર્સ, સિદ્ધિઓ વગેરેનો સમાવેશ થાય છે. આ જાહેર અને ખાનગી ખરીદદારો, રોકાણકારો વગેરે આ પોર્ટલથી સીધા સ્ટાર્ટઅપ્સ સુધી પહોંચવા માટે સક્ષમ બનશે.

✓ પોર્ટલમાં વિકલાંગ વ્યક્તિઓ માટે પોર્ટલ ઍક્સેસ કરવા માટે વિશેષ સુવિધાઓ આપી છે. જે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સહિત અનેક ભાષાઓમાં એક્સેસ કરી શકાય છે.

## નિષ્કર્ષ

✓ આજે ગુજરાત  વિકાસના પથ પર અગ્રેસર થઈ રહ્યું છે જે "ડબલ એન્જિન સરકાર" ની નીતિઓ અને તાલમેલને આભારી છે. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળ અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ ગુજરાત ઝડપી અને અવિરત વિકાસના માર્ગે આગળ વધ્યું છે.

✓ આવનાર વર્ષોમાં પરંપરાગત ક્ષેત્રો સિવાય પણ ગુજરાત ભવિષ્યના મહત્વના ક્ષેત્રો જેવા કે, ઈલેક્ટ્રીક વ્હિકલર્સ, બેટરીર્સ, ઈલેક્ટ્રો લાઈઝર્સ, સેમિ કન્ડકટર, એર ક્રાફ્ટના ઉત્પાદનમાં પણ મહત્વનો ભાગ ભજવશે.

✓ ગુજરાત ગ્રીન હાઈડ્રોજન સેકટરમાં વધુને વધુ મુડીરોકાણ આકર્ષિત કરવા માટે મહેનત કરી રહ્યું છે અને ભવિષ્યમાં ગુજરાત "દુનિયાનું ગ્રીન હાઈડ્રોજન કેપીટલ" બનવા તરફ અગ્રેસર છે.

✓ ગુજરાત રાજયની નીતિઓ એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે, જેથી આવનારા સમયમાં એમ.એસ.એમ.ઈ. એકમો અદ્યતન ટેકનોલોજી સાથે સુમેળ સાધીને રાજયના યુવાનોને સારી રોજગારીની તકો પુરી પાડી શકે અને સાથે સાથે ઉત્પાદન ક્ષમતા અને સસ્ટેનેબલ મેન્યુફેકચરીંગ વધારી શકે.

✓ જી.આઇ.ડી.સી. ભવિષ્યમાં એવા ઔદ્યોગિક વસાહતો તૈયાર કરશે કે જેમાં વૈશ્વિક કક્ષાની કોમન ઈફ્યુલન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને માળખાગત સુવિધાઓ તૈયાર મળે કે જેથી ઉદ્યોગોની સંચાલન કિંમતમાં ઘટાડો થાય અને તેઓ વૈશ્વિક ક્ષેત્રે સ્પર્ધાત્મક ઉત્પાદન કરી શકે.

✓ રાજય સરકારના આ બધા પ્રયત્નો સાથે સાથે ભવિષ્યના અગત્યના પ્રોજેકટો જેવા કે, ધોલેરા એસ.આઈ.આર, દિલ્હી–મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર, મુંબઈ–અમદાવાદ હાઈ–સ્પીડ રેલ, ગ્રીફ્ટ સીટી ઘણા અન્ય એરપોર્ટ, પોર્ટ અને એસ.આઈ.આર. જેવા ફ્યુચરિસ્ટીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતની ઔદ્યોગિક ક્રાંતિને વેગ આપશે.

✓ ગુજરાત રાજય દેશના વિકાસનું એન્જિન છે અને રહેશે.

## કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી

**માનનીય અદ્યક્ષશ્રી,**

- કુટિર અને ગ્રામોદ્યોગ રાજયની અર્થવ્યવસ્થા અને રોજગારની તકોના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે .
- માનનીય અધ્યક્ષશ્રી કુટીર ઉદ્યોગ રાજ્યના સામાજિક આર્થિક વિકાસમાં મોટો ફાળો પ્રદાન કરે છે
- રાજ્યમાં હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રે અદભૂત અને ઐતહાસિક વારસો ધરાવે છે. તેના વિકાસ અને આધુનિકરણ થકી તેઓનુ જીવન ધોરણ ઉચું લાવવામાં સરકારશ્રી દ્બારા ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહેલ છે
- રાજ્યમાં કુટિર અને ગ્રામોદ્યોગ પ્રવૃત્તિનો વ્યાપ વધારી પૂરક રોજગારીની તકોનું નિર્માણ કરવું અને કૌશલ્ય સુધારણા, ટેકનોલોજી સુધારણા, નાણાકીય સહાય, બજાર પ્રોત્સાહન અને આંતર માળખાકીય સુવિધાના વિકાસ દ્બારા કામદારો/કારીગરોને સક્ષમ કરી તેઓની આવકમાં વધારો કરી, તેઓના જીવનની ગુણવત્તામાં સુધારો કરવો એ આ કુટીર ઉદ્યોગ વિભાગ કટિબ્ધ્ધ છે .

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગની જનકલ્યાણ સબંધિત કેટલીક કલ્યાણકારી યોજનાઓ વિષે સન્માનીય ગૃહને જણાવવા માંગું છું, જેમ કે,

### ૧. શ્રી વાજપાઇ બેન્કેબલ યોજનાઃ

- શિક્ષિત બેરોજગારો તથા કારીગરોને સ્વરોજગારની તક મળે તે માટે ઉદ્યોગ, વેપાર અને સેવા ક્ષેત્રો માટે બેંકલોન સામે સહાય આપવામાં આવે છે.
- શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના ભૂતકાળમાં ઓફલાઇન હતી જે મુજબ અરજદારે આ યોજના અંતગર્ત અરજી નિયત આધાર-પુરાવા સાથે જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે કરવાની થતી હતી.

- હાલમાં આ યોજનાને વધુ લાભાર્થીને અનુકુળ અને પારદર્શક બનાવવાના હેતુસર ૨૦૧૯ થી ઓનલાઈન કરવામાં આવેલ છે જે અંતગર્ત અરજદાર ઘરે બેઠા બેઠા જ ઓનલાઈન અરજી કરી શકે છે.
- પોર્ટલ ઓનલાઈન થયા પછી છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૬૦૦૦૦ થી વધુ લાભાર્થીઓએ આ યોજના હેઠળ વેપાર ધંધા રોજગાર શરુ કરવા માટે લાભ લીધેલ છે.
- સદર યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂા.૨૦૧ કરોડની જોગવાઈ હતી. જેની સામે વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂા.૨૩૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## ૨. **માનવ કલ્યાણ યોજના:**

- આર્થિક રીતે પછાત વર્ગોના સમુહને પુરતી આવક અને સ્વરોજગાર ઉભા કરવા માટે સાધન/ઓજાર સહાય આપવામાં આવે છે.
- ફેરીયા, શાકભાજી વેચનાર, સુથારીકામ વગેરે જેવી ૨૭ ટ્રેડનો સમાવેશ કરવામાં આવેલ છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં રાજય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળા સાથે સાંકળી પ્રત્યક્ષ લાભ મારફત અંદાજીત ૩૫૧૫૮ નાના વ્યવસાયકારોને રૂ.૫૩/- કરોડના સાધન ઓજાર ઓજાર પુરા પાડવાનું આયોજન કરવામાં આવેલ છે
- રાજ્યના નાના માણસોને વધુ ગુણવતાવાળી ટુલકીટ આપવા માટે પ્રી અને પોસ્ટ ડિસ્પેચ ઈન્સપેકશન મારફ્ત સુદ્રઢ વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રાજયના હાથશાળ-હસ્તકલા અને ગ્રામોદ્યોગના કારીગરોને રોજગારી પુરી પાડવા રાજય અને રાજય બહાર ૭૬ મેળા-પ્રદર્શનના આયોજન કરી ૭૬૭૮ કારીગરો દ્વારા રૂ.૨૮૮૮/-લાખના માલ-સામાનનું વેચાણ થયેલ છે

- ગરવી ગુર્જરી દ્વારા ૧૨૮૯ કારીગરો પાસેથી બજાર સહાયના ભાગ રૂપે આશરે રૂ.૧૦૫/-લાખની ખરીદી કારીગરો પાસે કરી રોજગારની તક આપવામાં આવેલ છે
- રાજ્યમાં ખાદીના ઉત્પાદન અને વપરાશમાં વધારો થયેલ છે.

- વાર્ષિક ૧૭૦૦૦ થી ૧૮૦૦૦ ખાદી અને ગ્રામોદ્યોગના ગ્રામ્ય કારીગરને સહાય આપવામાં આવી રહેલ છે.
- છેલ્લા ત્રણ વર્ષમાં ખાદીની વિવિધ યોજનાઓ અંતર્ગત
- કાંતણ સહાય/વિશેષ વણકરી વણાટ સાધન સહાય રૂ.૨૬૮૮.૨૭ લાખ,
- ૧૫% બજાર પ્રોત્સાહન સહાય રૂ.૪૬૦૯.૫૪ લાખ
- ૨૦% ખાસ બજાર પ્રોત્સાહન સહાય રૂ.૩૯૯૫.૩૨ લાખની સહાય ચુકવણી કરવામાં આવેલ છે.
- ૫૦,૦૦૦થી વધુ હાથશાળ-હસ્તકલા કારીગર ઓળખકાર્ડ આપવામાં આવેલ છે.
- તા.૨/૭/૨૦૨૨ થી તા.૧૦/૦૭/૨૦૨૨ દરમિયાન કર્ણાટકના મૈસુર ખાતે ગુજરાત હસ્તકલા ઉત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૮૦ કારીગરોએ ભાગ લીધેલ હતો અને રૂ.૭૧/-લાખનું વેચાણ થયેલ હતું.
- તા. ૧૪/૧૧/૨૦૨૨ થી તા.૨૭/૧૧/૨૦૨૨ દરમિયાન આઇ.આઇ.ટી.એફ., પ્રગતિ મેદાન, નવી દિલ્હીમાં ૪૮ કારીગરોએ ભાગ લીધો રૂ.૧૬૩/-લાખનું વેચાણ થયેલ છે.
- પેકેજ યોજના હેઠળ ૧૯,૮૦૦ થી વધુ હાથશાળ અને હસ્તકલા કારીગરોને તેઓ દ્વારા ઉત્પાદિત માલના વેચાણ ઉપર ૫ ટકા થી ૩૫ ટકા સુધી વળતરનો લાભ આપવામાં આવેલ છે.
- વંશપરંપરાગત કારીગરો, કુશળ કારીગરોને આધુનિક બજાર માંગ મુજબની તાલીમ મળી રહે તે માટે ખ્યાતનામ સંસ્થાઓ સાથે સમન્વય કરી તેઓના સ્કીલ અપગ્રેડેશન દ્વારા રોજગારીમાં વધારો કરવા માટે આ યોજના અમલમાં લાવવામાં આવેલ છે. આ માટે નિફ્ટ, એન.આઇ.ડી. જેવી સંસ્થાઓ તેમજ સૂચિબદ્ધ કરેલ સંસ્થાઓ મારફત તાલીમ આપવામાં આવે છે.

## ઇ–કુટિર પોર્ટલ

અત્રેની કમિશનર કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી તથા તેના હસ્તકના તમામ બૉર્ડ/કોર્પોરેશન દ્વારા અમલીકૃત યોજનાઓ અત્યાર સુધી ઓફલાઇન પદ્ધતિથી અમલમાં હતી. રાજ્ય સરકારશ્રીના "ડિજિટલ ગવર્નન્સ" ના અભિગમને ધ્યાને લઇ અરજદારો ગામમાં કે ઘરે રહીને જ ઓન લાઇન અરજી કરી શકે અને મોબાઇલ મારફતે જ કાર્યવાહી અંગે અદ્યતન વિગતો મેળવી શકે તે હેતુથી અત્રેની તમામ યોજનાઓ એકજ છત્ર નીચે આવે તે માટે એક e-kutir ઓનલાઇન પોર્ટલ બનાવવામાં આવેલ છે. જેમાં પ્રાથમિક તબક્કે નીચે મુજબની યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

૧. ઔદ્યોગિક સહકારી મંડળીઓની નવી નોંધણી

૨. હાથસાળ અને હસ્તકલા ઔદ્યોગિક સહકારી મંડળીઓને વળતર સહાયની ચૂકવણી.

૩. ખાદી બોર્ડ દ્વારા અમલીકૃત MDA (૫% અને ૧૦%) યોજના.

૪. ખાદી બોર્ડ દ્વારા અમલીકૃત કાંતણ વણાટ સહાયયોજના.

૫. શ્રી વાજપાઇ બેંકેબલ યોજના (લીન્ક)

૬. માનવ કલ્યાણ યોજના

આ ઉપરાંત આગામી ટૂંક સમયમાં નીચે મુજબની યોજનાઓનો સમાવેશ પણ ઇ–કુટીર પોર્ટલ અંતર્ગત કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે.

૧. કલસ્ટર વિકાસ યોજના

૨. ગ્રામોદ્યોગવિકાસકેન્દ્ર

૩. હાથસાળ અને હસ્તકલા ઔદ્યોગિક સહકારી મંડળીઓને વળતર માન્યતા

ઉક્ત યોજનાઓથી કુટિર અને ગ્રામોદ્યોગના લાભાર્થીઓને નીચે મુજબના લાભ થનાર છે.

- અરજદારો ગામમાં કે ઘરે રહીને જ ઓન લાઇન અરજી કરી શકશે.
- મોબાઇલ મારફતે જ કાર્યવાહી અંગે અદ્યતન વિગતો મેળવી શકશે.
- અરજીની હાર્ડ કોપી આપવા જિલ્લા કક્ષાએ આવવાની જરૂર નહી પડે જેથી સમય અને નાણાંનો વચાવ થશે.
- અરજદારોની અગ્રતા મુજબ અરજીઓનો નિકાલ થશે.

કામગીરીની સમયમર્યાદા નક્કી કરવામાં આવશે તથા તેનું મોનીટરીંગ સહેલાઇથી થઇ શકશે.

## નાગરિક ઉડ્ડયન

**માન.અધ્યક્ષશ્રી,**

નાગરિક ઉડ્ડયન વિષે સન્માનનીય ગૃહને જણાવવા માંગું છુ કે,

રાજ્યમાંનાગરિક ઉડ્ડયન સંબંધિત કામગીરીની શરૂઆતથી વર્તમાનમાં ગુજરાત રાજ્યમાં ૧૯ એરપોર્ટ/એરસ્ટ્રીપનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ૨ (બે) વોટર એરોડ્રોમ વિકસાવી નાગરિક ઉડ્ડયન સંબંધિત માળખાગત સુવિધાઓનો વિકાસ કરવામાં આવેલ છે.

નાગરિક ઉડ્ડયન સદરે વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં કુલ ૧૮૮.૬૦ કરોડ ફાળવેલ જેની સામે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કુલ ૩૩૮.૦૦ કરોડની નવી બાબતો સાથે કુલ ૫૨૭.૮૯ કરોડનું બજેટ એમ કુલ ૧૮૦ ટકા વધારા સાથે બજેટ ફાળવવામાં આવેલ છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યની અંદર હવાઈ કનેક્ટિવીટી વિક્સાવવા વાઇબીલીટી ગેપ ફંડીંગ (વી.જી.એફ.) **(VGF)** યોજના ચલાવે છે. જે અંતર્ગત નીચે મુજબ ફ્લાઇટ શરૂ થયેલ છે.

| ક્રમ | રૂટ | સીટ | તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી ઉડ્ડયન કરેલ મુસાફરોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સુરત-અમદાવાદ-સુરત | ૯ સિટર | ૫૬૬૬ |
| ૨ | સુરત-અમરેલી-સુરત | | ૫૭૪૨ |
| ૩ | સુરત-ભાવનગર-સુરત | | ૪૮૮૯ |
| ૪ | સુરત-રાજકોટ-સુરત | | ૫૫૦૬ |
| ૫ | અમદાવાદ-ભુજ-અમદાવાદ | ૫૦ સિટર | ૯૧૬૯ |

ગુજરાત સરકારશ્રી દ્વારા ગુજરાત રાજ્યના શહેરો સાથે હવાઈસેવા મળી રહે તે માટે અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર અને અમરેલી જેવા મહત્વના શહેરોમાં સીધી એર કનેક્ટીવીટી સરકારશ્રીના સતત પ્રયત્નથી ફળીભૂત તેમજ શક્ય બનેલ છે. જેમાં ૧ જાન્યુઆરી ૨૦૨૨ થી ૩૧ ડીસેમ્બર, ૨૦૨૨ સુધી ૩૦,૯૭૨ મુસાફરોએ લાભ લીધેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

હવે, ૨૦૨૩–૨૪ના વર્ષમાં અમદાવાદ–કેશોદ-પોરબંદર–અમદાવાદ માટેનો નવો રૂટ શરૂ કરવાનું આયોજન છે. આ ઉપરાંત, વિઝન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેશોદ એરપોર્ટનું વિસ્તૃતિકરણ, દ્વારકા ખાતે નવુ એરપોર્ટ, ગીર જેવા સ્થળો ટુરીઝમ ને એન્કરેજ કરે છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીના સંવેદનશીલ નિર્ણયથી રાજ્ય સરકાર હસ્તકના વિમાન બીચ ક્રાફ્ટ બી–૨૦૦ (VT-GUJ) ને એર એમ્બ્યુલન્સમાં તબદીલ કરવામાં આવેલ છે. જે માર્ચ–૨૦૨૨થી કાર્યરત કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં ૭ મેડીકલ ફલાઇટ (પેશન્ટ સાથે) અને ૧૧ ઓર્ગન(માનવ અંગ)સફળતાપુર્વક એર એમ્બ્યુલન્સ મારફત પહોંચાડવામાં આવેલ છે.

રાજ્ય સરકરના જુદા જુદા હુકમો/ઠરાવો/પરિપત્રો અન્વયે તમામ ટેંડરની કામગીરી ઓનલાઈન માધ્યમ (e-tender)થી પારદર્શી રીતે કરવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં કરવામાં આવનાર નવી કામગીરી.**

હવાઈપટ્ટી/એરપોર્ટનો વિકાસ (કેશોદ અને દ્વારકા એરપોર્ટ) : ભારત સરકારની ગતિશકિત યોજના હેઠળ દેશમાં એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ કનેક્ટીવીટી દ્વારા હવાઈ સેવાના જોડાણ વધે તે મુદ્દાઓને પ્રાધન્ય(અગ્રતા) આપવામાં આવેલ છે. રાજ્યમાં ટુરીઝમને વેગ મળે અને વિદેશી પ્રવાસીઓને એર કનેકટીવીટીની સુવિધાઓ મળી રહે, આથી ગુજરાતમાં આવનાર પ્રવાસીઓની સંખ્યામાં વધારો થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા નવા એરપોર્ટનો વિકાસ કરવાનું આયોજન છે. જેમકે, કેશોદ, દ્વારકા, રાજપીપળા, દાહોદ, ધોરડો, ધોલાવીરા, મોરબીઅને અંકલેશ્વર.આ એરપોર્ટનો વિકાસ થવાથી તેની આજુબાજુના જિલ્લાઓનો પણ વિકાસ થશેરાજકોટના હિરાસર એરપોર્ટ એના વિકાસના છેલ્લા તબ્બકે છે અને ધોલેરા એરપોર્ટ વિકાસની કામગીરી શરૂમાં છે એ પણ ટૂક સમયમાં ઉપલબ્ધ થશે જેનાથી રાજ્યમાં રોજગારીની તકો ઉભી થશે તેમજ

ભવિષ્યમાં એવિએશન ડેવલોપમેન્ટ માટેની સુવિધા પણ ઉભી થશે. આ સમગ્ર કામગીરીપહોંચી વળવા માટે વર્ષ– ૨૦૨૩–૨૪ના અંદાજપત્રમાં રૂા.૨૧૫ કરોડની નવી બાબત મંજુર કરવામાં આવેલ છે.

**સીવીલ એવીએશન પોલીસીની રચના** : અત્યાધુનિક નાગરિક ઉડ્ડયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવીને ગુજરાતમાં ઉડ્ડયન ઈકોસિસ્ટમને મજબૂત કરવા, સીમલેસ એર ટ્રાન્સપોર્ટેશન પ્રદાન કરવા, ટેક્નોલોજીના નવીન ઉપયોગને પ્રોત્સાહન આપવા, એરક્રાફ્ટ અને એવિઓનિક્સ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા, બિઝનેસ કરવાની સરળતા વધારવા તથા પ્રત્યક્ષ કે અન્ય રીતે ઈન્સન્ટિવ પુરા પાડી ગુજરાત માં સ્પેર પાર્ટ મેનુફેકચરિંગ, મેઈન્ટેનન્સ રિપેર ઓવેરહાઉલ (MRO), એવિએશન ક્ષેત્રે રિસર્ચ, એવિએશન લોજિસ્ટિક સહીત એવિએશન ઈન્ડસટ્રીઅલ પાર્ક ની સંપૂર્ણ ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવશે. આમ કુશળ માનવબળનું સર્જન કરવાથી ગુજરાત, ભારતીય ઉડ્ડયન ઉદ્યોગમાં અગ્રણી રાજ્ય તરીકે વિકાસ પામશેજે માટે સરકાર દ્વારા પોતાની સીવીલ એવીએશન પોલીસી બનાવવામાંઆવનાર છે. આ ખર્ચને પહોંચી વળવા માટે વર્ષ–૨૦૨૩–૨૪ના અંદાજપત્રમાં રૂા.૨૧૦૦.૦૦ લાખ ફાળવવા માટે નવી બાબતની મંજુર કરવામાં આવેલ છે.

**વિવિધ નવી પહેલ માટે શક્યતાવર્તી અભ્યાસ** (Feasibility Study) : રાજ્યમાં એવીએશનો બહોળો ફેલાવો થાય અને રાજ્યમાં એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓમાં વધારો થાય તે માટે વિવિધ નવી પહેલ માટે તેનો શક્યતાવર્તી અભ્યાસ કરાવવાની જરૂરીયાત જણાઈ રહી છે. જેમાં રાજ્યના પ્રવાસન માર્ગોને રાષ્ટ્રીય સર્કિટથી જોડવાની કનેક્ટિવિટી વધારવા માટેનો શક્યતાવર્તી અભ્યાસ, રાજપીપળા ખાતે એરોસ્પોર્ટ્સ હબ માટેનો શક્યતાવર્તી અભ્યાસ, ગુજરાતમાં મલ્ટી રોલ ફ્લાઈંગ ટ્રેનિંગ સ્કૂલની સ્થાપના વગેરે શરૂ કરવા શક્યતાવર્તી અભ્યાસ કરવાની જરૂરીયાત વગેરે સૂચિત છે. આ ખર્ચને પહોંચી વળવા માટે વર્ષ–૨૦૨૩–૨૪ના અંદાજપત્રમાં રૂા.૧૦૦.૦૦ લાખ ફાળવવા માટે નવી બાબત મંજુર કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

સમગ્ર પણે જોતા નાગરિક ઉડ્ડયનના અંદાજપત્રમાં અગાઉ જણાવ્યુ તેમ ઐતહાસિક ૧૮૦ ટકાનો વધારો કરવામાં આવેલ છે. રાજ્યમાં નવી એરસ્ટ્રીપ,હેલીપોર્ટના વિકાસ થકી રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગને વેગ અને પ્રોત્સાહન મળશે. વી.જી.એફ. યોજના હેઠળ વધુ રૂટને આવરી લઈને મુસાફરોની સંખ્યા જે હાલમાં લગભગ ૩૧૦૦૦ જેટલી છે તેને બમણી કરવાનું લક્ષાંક છે. રાજ્યના પ્રવાસન સ્થળો તથા યાત્રાધામો હવાઈ સેવા દ્વારા જોડાય શકે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે. એર એમ્બ્યુલન્સ દ્વારા મેડીકલફલાઇટ (પેશન્ટસાથે) અનેઓર્ગન (માનવઅંગ) ના ટ્રાન્સપોર્ટેશનની કામગીરી વધુ લોકભોગ્ય બનાવવામાં આવશે.ગુજરાત રાજ્ય જેમ અન્ય ક્ષેત્રોમાં અગ્રગણ્ય છે તે પ્રમાણે નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને પણ દેશમાં અગ્રણી બનાવવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

## ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી

**માનનીય અધ્યક્ષશ્રી,**

ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરીમાં અનેક સુધારાઓ કરવામાં આવેલ છે જેના કારણે સરકારી તંત્રમાં જવાબદારીપણાની ભાવનાની વધારો થયો તેમજ કામગીરીમાં પણ પારદર્શિતા આવેલ છે, અગાઉની અને હાલની પરિસ્થિતીમાં

- માન.અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં રાજ્યમાં ઉદ્યોગ અને ખાણ વિભાગની ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીના તાંબા હેઠળ કુલ ૩૨ જિલ્લા કચેરી, ૧ મુખ્ય કચેરી, ૩ ખનિજ સંશોધન વર્તુળ તથા ૩ ફ્લાઇંગ સ્ક્વોર્ડની કચેરીઓ કાર્યરત હતી.
- જ્યારે હાલમાં કામગીરીના પરિપેક્ષ અને વહીવટી સરળતા સારૂ તેમજ સ્થાનિક લોકોની સાનુકુળતા ધ્યાને રાખતાં કુલ ૫ જિલ્લાઓના પુન: ગઠન કરી ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીના તાબા હેઠળ નવી ૫ જિલ્લા કચેરી ઉભી કરેલ છે. આમ, હાલમાં કુલ ૩૭ (૩૨+૫) કચેરીઓ કાર્યરત છે.
- આ ઉપરાંત ગેરકાયદેસર ખનિજ વહન પ્રવૃત્તિ પર નિયંત્રણ લાવવા નવી મોબાઇલ આઉટ પોસ્ટ (ચોકી) ચાલુ કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

❖ ઓનલાઈન સિસ્ટમમાં સુધારા અને ટેક્નોલોજીમાં અપડેશન

- રાજ્યમાં બોગસ ટ્રાંઝીટ પાસ તેમજ ડીલીવરી ચલણ બનાવવાની ગેરકાયદેસર પ્રવૃત્તિ પર નિયંત્રણ લાવવા ગુજમાઇન સોફ્ટવેર બનાવેલ છે.
- ખનીજોના ઓવરલોડ વહન ઉપર રોક લગાવવા માટે આર.ટી.ઓ.ના સહયોગથી કામગીરી કરવામાં આવી રહેલ છે.
- જીઓમાઈન મોબાઇલ એપ્લીકેશન વિકસાવવામાં આવેલ છે. જેના દ્વારા લીઝ/પરમીટ ઈન્સ્પેકશન, સ્ટોકના ઈન્સ્પેકશન અને ખનીજનું વહન કરતાં વાહનોનું ચેકીંગ કરી શકાય છે.
- લીઝ ધારકો તમામ ચુકવણીઓ ઓન-લાઈન કરી શકે તે માટે નવી સિસ્ટમ વિકસાવવામાં આવેલ છે.

- ગુજરાતની અંદર ખનિજ વહન કરતા વાહનોનું મોનીટરીંગ થાય તે માટે ટ્રેકીંગ ઉપકરણ લગાવવામાં આવે છે.
- માનવરહીત વાહન (ત્રિનેત્ર) ડ્રોનનો ઉપયોગ–ખાણકામવાળા વિસ્તારોની દેખરેખ માટે અને પ્રવૃત્તિઓના મોનિટરિંગ માટે કરવામાં આવે છે. જે ખાતાને ગેરકાયદેસર ખાણકામ અટકાવવામાં મદદરૂપ થશે.

આ બધી પ્રવૃત્તિઓના કારણે ગુજરાત સરકારશ્રીને ૧૩ નવેમ્બર–૨૦૨૧ના રોજ નવી દિલ્હી ખાતે ઈન્ટિગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સીસ્ટમ માટે પ્લેટિનમ સ્કોચ એવોર્ડ મળેલ છે.

**(કાયદાકીય સુધારા)**

### ❖ લીઝોની ફાળવણીની પધ્ધતિ

- રાજ્યમાં અગાઉ અરજી આધારિત લીઝોની ફાળવણી કરવાની પદ્ધતિ અમલમાં હતી. હાલમાં રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેર હરાજીથી નિકાલ કરવાની પદ્ધતિ અમલમાં મુકેલ છે.

**(નોંધ પાત્ર સિદ્ધિઓ )**

- ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડની ચાર બોકસાઈટ ખાણોને ભારતીય ખાણ બ્યૂરો, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માટે પંચતારક એવોર્ડ આપવામાં આવેલ છે.
- નિગમની વર્ષ ૨૦૨૧–૨૨ના નાણાકીય સિદ્ધિઓને ધ્યાને લઈ, જીએમડીસીનું સ્થાન ૪૮૬ રેન્ક સાથે ફોર્ચ્યુન ૫૦૦માં સમાવિષ્ટ કરવામાં આવેલ છે.
- કેન્દ્ર દ્વારા લિગ્નાઈટ ખાણ સુરક્ષા અને સ્વચ્છતા સપ્તાહ ૨૦૨૨–૨૩ અન્વયે જીએમડીસીની ઉમરસર લિગ્નાઈટ ખાણને વર્ષ ૨૦૨૨–૨૩ માટે શ્રેષ્ઠ ખાણનો ખિતાબ આપવામાં આવેલ છે.

### ❖ ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ)

- મુખ્ય અને ગૌણ ખનીજનું મળીને કુલ રૂ.૧૨૮૨.૧૯ કરોડ ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ) ભંડોળ વસૂલવામાં આવેલ છે.

- ડીએમએફ હેઠળ ખાણકામ અસરગ્રસ્ત વિસ્તારોના લોકો માટે ઉક્ત એકત્રિત થયેલ ભંડોળમાંથી રૂ.૧૪૪૫ કરોડના ૨૨,૦૦૮ પ્રોજેક્ટસ મંજુર થયેલ છે.
- ડીએમએફ હેઠળના સદર તમામ પ્રોજેક્ટસ પૈકી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ની સ્થિતિએ
- કૌશલ્ય વિકાસ માટે પ્રોજેક્ટ સક્ષમ
- રોજગારલક્ષી ફાયર સેફ્ટી તાલીમ
- ટેક્નોલીજીયુક્ત ભણતર માટે 'માય ઈ-સ્કુલ' પ્રોજેક્ટ
- આરોગ્ય સંભાળ અંતર્ગત મોબાઈલ મેડીકલ યુનિટ તથા આરોગ્ય સેવા કેન્દ્રો, ઘરઘર સુધી પીવાનું પાણી પહોંચે તે માટે મીની વોટર ટેન્ક પ્રોજેક્ટ
- સૌર ઉર્જા માટે સોલાર રૂફટોપ
- વિઝયુઅલ લર્નિંગ ચાર્ટ, સેનેટરીપેડ વેન્ડિંગ મશીન
- માળખાકીય સુવિધાઓમાં રોડ રસ્તાના કામો કુલ ૧૧,૨૨૬ પ્રોજેક્ટસ રૂ.૫૫૭ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે, તેમજ રૂ.૨૨૮ કરોડની રકમના કુલ ૨૮૨૮ પ્રોજેક્ટસ કાર્યવાહી હેઠળ છે.

છેલ્લા પાંચ વર્ષમાં બિન અધિકૃત ખનન, વહન અને સંગ્રહના કેસો અને વસુલાતનું પત્રક

| વર્ષ | કેસો | વસુલાત (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૮-૧૯ | ૭૭૩૪ | ૧૦૯૮૮.૪૨ |
| ૨૦૧૯-૨૦ | ૭૪૪૬ | ૧૦૬૩૪.૬૧ |
| ૨૦૨૦-૨૧ | ૭૧૫૫ | ૧૦૩૨૨.૮૪ |
| ૨૦૨૧-૨૨ | ૮૬૭૨ | ૧૪૦૬૪.૨૬ |
| ૨૦૨૨-૨૩ (ફેબ્રુ-૨૦૨૩ અંતિત) | ૯૪૭૬ | ૧૯૯૦૭.૮૬ |

ગેરકાયદેસર ખનન/વહન/સંગ્રહની પ્રવૃત્તિઓને રોકવા માટે નીચેના પગલાં લેવામાં આવે છે.

**કાયદાકીય પગલાં:**

- રાજ્ય સરકાર દ્વારા તા.૨૬/૦૯/૨૦૧૭ થી ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખાણકામ, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો પ્રસિધ્ધ કરેલ છે.
- જે મુજબ ગેરકાયદેસર ખનીજ વહન અન્વયે દંડની પ્રતિ મેટ્રીક ટન ખનીજની રકમ રૂપિયા ૨૫૦૦ થી વધારી રૂપિયા ૫૦૦૦ કરવામાં આવેલ છે.
- ગેરકાયદેસર ખનીજ વહનમાં સંકળાયેલ વાહનોની તેમના પ્રકાર મુજબ રૂપિયા ૨૫૦૦૦ થી વધારી રૂપિયા ૨ લાખ સુધીની ‘‘કમ્પાઇન્ડીં ફી’’ નિયત કરવામાં આવેલ છે.
- ગેરકાયદેસર ખનીજ ખનન અને સંગ્રહના કિસ્સામાં ખનીજ કિંમતના ૧૨૫ ટકાથી ૨૫૦ ટકા સુધી વધારા સાથેની દંડની રકમની જોગવાઇ દાખલ કરવામાં આવી છે.
- ગેરકાયદેસર ખાણકામ વહન અને સંગ્રહ પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ કસૂરદાર સામે ૦૨ વર્ષ સુધીની કેદ અથવા ૫,૦૦,૦૦૦/- દંડની વસુલાતની અથવા ઉક્ત બન્ને કાર્યવાહી કરવાની જોગવાઈ છે..
- ગેરકાયદેસર ખાણકામના કિસ્સામાં અધિકૃત અધિકારી ગેરકાયદેસર ખાણકામ કરાયેલ ખનિજ ઉપરાંત કોઈ ઓજાર, સાધન, વાહન અથવા અન્ય યંત્ર જેવી મિલકત જપ્ત કરી શકે છે.
- તપાસ અને જપ્તીની સત્તા જિલ્લા કલેક્ટરશ્રી નાયબ કલેક્ટરશ્રી તેમજ મામલતદારશ્રીને આપવામાં આવે છે.

**વહીવટી પગલાં.**

- દરેક જિલ્લામાં જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી/મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનર, ગાંધીનગરની કચેરીમાં અપીલ અને ફ્લાઇગ સ્કવોડના વિશેષ વિભાગ તેમજ ફ્લાઈંગ સ્કવૉડ ગાંધીનગરની કચેરી હસ્તક ક્ષેત્રીય વિભાગ મુજબ અન્ય ૩ ફ્લાઈંગ સ્કવૉડની કચેરીઓ- રાજકોટ, સુરત અને કચ્છ ખાતે ફાળવવામાં આવેલ છે.

- અપીલ અને ફ્લાઈંગ સ્ક્વોડની કચેરી તથા તાબા હેઠળની જિલ્લા કચેરીઓ દ્વારા બિનઅધિકૃત ખનન/વહન/સંગ્રહ માટેની ફરિયાદો મળવા પર સ્થળ તપાસ હાથ ધરવામાં આવે છે.
- સંલગ્ન જિલ્લાઓની ટીમો દ્વારા વખતો-વખત આંતર-જિલ્લા ચેકિંગ તેમજ સંયુક્ત ચેકીંગની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે.
- નકલી અને બનાવટી રોયલ્ટી પાસ/ડિલિવરી ચલણના પ્રિન્ટિંગને નિયંત્રિત કરવા માટે સ્પેસીયલ સિક્યુરીટી પેપર રજૂ કરવામાં આવ્યા છે.
- સ્પેશિયલ સિક્યોરિટી પેપરમાં ખાતાનો હોલ માર્ક લોગો, વોટર માર્ક્સ અને અન્ય છુપાયેલા સુરક્ષા ફીચર્સનો સમાવેશ કરેલ છે. જેથી તેની નકલ અને બનાવટ થતી અટકાવી શકાય.
- ક્ષેત્રિય કર્મચારીઓ અને અધિકારીઓ માટે ખાસ યુનિફોર્મ આપવામાં આવ્યા છે. ગેરકાયદેસર ખાણકામ પ્રવૃત્તિઓને રોકવામાં વધુ અસરકારક અને કાર્યક્ષમ પરિણામો આપવા માટે દરેક જિલ્લા માટે ખાતાના લોગો વાળા નવા વાહનો ખરીદવામાં આવ્યા છે.

## શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આપણા સૌના જીવનમાં શ્રમ, કૌશલ્ય અને રોજગાર ત્રણેયનું મહત્વ છે અને ત્રણેય મારા વિભાગની અગત્યની જવાબદારી છે.
- માનનીય અધ્યક્ષશ્રી રાજ્યના સર્વાંગી વિકાસમાં, ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ પૂરું પાડવામાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારનું મહત્વનું પ્રદાન છે.

### (અગાઉના બજેટની જોગવાઈઓ)

- આ વિભાગ હેઠળ છેલ્લા **૦૪ વર્ષની** સરેરાશ બજેટ જોગવાઈ **રૂા.૧૫૬૭.૬૪ કરોડ** છે. ગત વર્ષે **રૂા.૧૮૩૬.૮૩ કરોડની** જોગવાઈ સામે આગામી વર્ષ: ૨૦૨૩-૨૪ માં **રૂા.૭૦૦.૭૨ કરોડ** (૩૮.૧૪ ટકા) નો વધારો કરી કુલ **રૂા.૨૫૩૭.૫૫ કરોડની** જોગવાઈ કરવામા આવેલ છે. આમ, વિભાગ માટેની નાણાકીય જોગવાઈમાં **૩૮.૧૪ ટકાનો માતબર વધારો** કરેલ છે.

### (ઔદ્યોગિક શાંતિ અને ગુજરાત)

- ગુજરાત રાજ્ય ઔદ્યોગિક શાંતિ ક્ષેત્રે રાષ્ટ્રમાં અગ્રેસર છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની હકારાત્મક નીતિઓને કારણે અને શ્રમતંત્રની સતત તકેદારી, સતર્કતા અને જાગૃતિના કારણે ગુજરાત રાજ્યમાં હડતાળ, તાળાબંધી જેવી પરિસ્થિતિઓમાં ઘટાડો થવાના કારણે ઔદ્યોગિક સંવાદિતા જળવાઈ રહેલ છે. જેના કારણે આવી પરિસ્થિતિઓના કારણે વર્ષ ૨૦૨૧ ની સાપેક્ષે વર્ષ ૨૦૨૨ માં ગુમાવેલ માનવ દિવસોમાં ૩૯.૫૫ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં નવા ઔદ્યોગીક ગૃહો, ઉદ્યોગો સ્થાપવા માટે ઉત્સુક છે. તે બાબત ગુજરાતમાં ઔદ્યોગિક શાંતી હોવાની સાબિતી છે.

## (ઓનલાઇન સેવાઓ વિષે)

**માનનીય અધ્યક્ષશ્રી,**

- શ્રમ તંત્રમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી પ્રજાલક્ષી અનેક સેવાઓ ઓનલાઇન કરવામાં આવેલ છે. આમ થવાથી તંત્રની જવાબદારીપણામાં વધારો થશે તેમજ પારદર્શિતા આવશે સાથોસાથ રાજ્યના જનસામાન્યને ઘેર બેઠાં આંગળીના ટેરવે સરકારી સેવાઓ ઉપલબ્ધ થઈ શકશે. આવી સેવાઓમાં મુખ્યત્વે

1. શ્રમ ઈન્સ્પેક્શન મોબાઇલ પોર્ટલ ફોર લેબર એન્ડ એમ્પ્લોયર (સિમ્પલ)મોબાઇલ એપ્લીકેશનના ઉપયોગથી શ્રમ નિરીક્ષણની કામગીરી ઝડપી, સરળ અને પારદર્શી બની છે. કંપનીનું શ્રમ કાયદા હેઠળ નિરીક્ષણ કરી સ્થળ પર જ કંપનીના ઈ-મેઇલ ઉપર તપાસ નોંધ આપવામાં આવે છે. એપ્લીકેશન શરૂ થયાથી અત્યાર સુધીમાં ૩૨,૪૬૩ નિરીક્ષણો કરવામાં આવેલ છે.
2. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત શ્રમ કાયદા હેઠળ કોન્ટ્રાકટ લેબર એકટ તથા આંતરરાજય સ્થળાંતરીત કામદાર અધિનિયમ હેઠળ રજીસ્ટ્રેશન તથા લાયસન્સ ઓનલાઇન આપવામાં આવે છે. તેમજ અરજીની યોગ્યતા તપાસીને ૪૫ દિવસમાં રજીસ્ટ્રેશન તથા લાયસન્સ આપવાનું ફરજિયાત બનાવેલ છે.
3. વિવિધ શ્રમ કાયદાઓને લગતી માહિતી એક ફોન કોલથી મળી રહે તે માટે તથા શ્રમ વિભાગ હેઠળ ચાલતી શ્રમિકો માટેની સમાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી યોજનાઓની જાણકારી અને માર્ગદર્શન ટેલિફોનિક મળી રહે તે માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની શ્રમ આયુક્ત કચેરી દ્વારા શ્રમિક સહાયક કોલ- સેન્ટરનો શુભારંભ કરવામાં આવેલ છે. આ શ્રમિક સહાયતા કૉલ સેન્ટર નંબર **૧૫૫૩૭૨** છે. અત્યાર સુધીમાં **૧૩૦૦** થી વધુ કોલ એટેન્ડ કરી તેનો હકારાત્મક નિકાલ કરેલ છે. અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ કરી વિવિધ શ્રમ કાયદાઓ હેઠળ મળતી ફરિયાદોનો રાજ્ય કક્ષાએ ઝડપથી નિકાલ થઈ શકે અને શ્રમયોગીઓને ઝડપથી ન્યાય મળી શકે તે માટે આ કોલ સેન્ટરનો પ્રચાર પ્રસાર કરવા માટે સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં **રૂ. ૭૦ લાખની** જોગવાઇ કરવામાં આવી છે.
4. રોજગારવાંછુંઓને તેમની આવડત તથા કૌશલ્ય અનુસાર રોજગારી મળી રહે તે માટે **"રોજગાર સેતુ"** કોલ સેન્ટર મારફત માહિતી-માર્ગદર્શન દ્વારા, **"અનુબંધમ"** પોર્ટલ મારફત રોજગાર વિષયક સેવાઓ **ઓનલાઈન** માધ્યમથી પૂરી પાડવા તથા શાળા

કોલેજમાં સેમીનાર/વેબિનાર દ્વારા પરોક્ષ રીતે રોજગારી આપાવામાં રોજગાર કચેરીઓ મદદરૂપ થાય છે. આ સેવાનો **૧૫૦૦૦૦ થી** વધુ યુવાનોએ લાભ લીધેલ છે.

5. કારીગર તાલીમ યોજના (સી.ટી.એસ.) હેઠળ રાજયમાં કુલ-૨૮૮ સરકારી, ૧૧૧ ગ્રાન્ટ-ઇન-એઇડ, ૧૯૭ સ્વનિર્ભર તાલીમ સંસ્થાઓમાં સૌ પ્રથમવાર કેન્દ્રીયકૃત ધોરણે પ્રવેશ પ્રક્રિયા ૧૦૦% ઓનલાઈન કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં **કુલ ૫૯૬ આઈ.ટી.આઈ.માં ૧,૨૮,૨૨૬ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ** આપવામાં આવ્યો. જે આજ સુધીના ઈતિહાસમાં સૌથી વધુ છે.

**(કલ્યાણકારી યોજનાઓ વિષે)**

**માનનીય અધ્યક્ષશ્રી,**

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે શ્રમ અને રોજગાર વિભાગની જનકલ્યાણ સંબંધિત કેટલીક કલ્યાણકારી યોજનાઓ વિશે સન્માનીય ગૃહને જણાવવા માંગું છું જેમ કે,

1. **શ્રમ નિકેતન યોજના** કારખાના/કંપની/સંસ્થામાં ફરજ બજાવતા પરપ્રાંતિય શ્રમયોગીઓને રહેઠાણ, પરિવહન, જુદી જુદી પાળીઓમાં કામ કરવામાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે ઔદ્યોગિક શ્રમયોગીઓને ફરજના સ્થળથી નજીકના સ્થળે રહેવા માટે શ્રમયોગી હોસ્ટેલનું નિર્માણ કરવાની યોજના છે. આ યોજના હેઠળ હોસ્ટેલ બાંધકામ કિંમતના ૩૦ ટકા અથવા વધુમાં વધુ રૂપિયા ૩(ત્રણ)કરોડ પૈકી જે ઓછુ હોય તે સબસીડી પેટે ઔદ્યોગીક એસોસીએશનને અથવા હોસ્ટેલ તૈયાર કરનાર પાર્ટનરને આપવામાં આવે છે. આ યોજના અન્વયે જી.આઈ.ડી.સી. સાણંદ ખાતે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) ધોરણે નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ૩ (ત્રણ) જી.આઈ.ડી.સી. ખાતે શ્રમયોગી હોસ્ટેલના નિર્માણ માટે **રૂ.૩.૦૦ કરોડની** જોગવાઈ કરવામાં આવેલ છે. જેનાથી અંદાજિત **૫૫૦૦ શ્રમયોગીઓને** રહેઠાણની સુવિધા આપી શકાશે.
2. બાંધકામ ક્ષેત્રે શ્રમયોગીઓને તેઓના કામના સ્થળની આસપાસ રહેઠાણની સુવિધા મળી રહે તે ઉદ્દેશથી આ વર્ષે **શ્રમ બસેરા યોજના** અમલમાં લાવવાનું આયોજન છે. આવનાર સમયમાં ગુજરાતના દરેક જિલ્લામાં આશરે **૭૫૦૦૦** બાંધકામ શ્રમયોગીઓ રહી શકે તેવી કેપેસીટી ધરાવતી આવાસ સુવિધા એટલે કે રહેવા માટે હોસ્ટેલ મળી શકે તે માટેનું આયોજન અમે કર્યું છે. જયાં બાંધકામ શ્રમયોગીઓને રાહત દરે ભાડેથી રહેવાની

સુવિધા પૂરી પાડવામાં આવશે. આ યોજનાના લાભ માટે પ્રથમ તબક્કા માટે **૫૦૦ કરોડની** જોગવાઇ આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં સૂચવવામાં આવેલ છે.

3. **શ્રમિક અન્નપુર્ણા યોજના** હેઠળ **માત્ર રૂા.૫/-** ના રાહત દરે કડિયાનાકાઓ ઉપર પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. સદર કડિયાનાકાઓ પર બાંધકામ શ્રમયોગીઓની નોંધણીની કામગીરી પણ કરવામાં આવે છે. હાલ ૧૦૫ કડિયાનાકા પર ભોજન વિતરણ ચાલુ છે. આ યોજના અંતર્ગત તા.૦૮/૧૦/૨૦૨૨ થી તા.૧૩/૦૩/૨૦૨૩ સુધી **૮,૫૮,૧૫૯** ભોજન વિતરણ કરવામાં આવેલ છે. જે અંતર્ગત કુલ **રૂા.૩.૦૪ કરોડ થી વધુનો** ખર્ચ થયેલ છે.

   રાજ્યમાં કડીયાનાકા ખાતે **નવા ૧૫૦ ભોજન વિતરણ કેન્દ્રો** શરૂ કરવા તેમજ ૧૦૦ થી વધુ બાંધકામ શ્રમિકો હોય તેવી ૧૦૦ બાંધકામ સાઈટ ખાતે ભોજન પૂરું પાડવા વિચારેલ છે. જેમાં અંદાજિત **દસ હજાર** બાંધકામ શ્રમિકોને લાભ મળશે. જેના માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં **રૂા.૮૦.૪૦ કરોડની** જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

   વધુમાં રાજ્યમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકો ઉપરાંત ઈ-શ્રમ પોર્ટલ ઉપર નોંધાયેલ તમામ અસંગઠિત શ્રમિકોને કડિયાનાકા ઉપરથી રાહત દરે પૌષ્ટિક ભોજન મળી રહે તે માટે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ તેઓને આપવાનું વિચારેલ છે. જેના માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં **રૂપિયા પાંચ કરોડની** જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

4. કેન્દ્ર સરકારની **આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની પેટર્ન** ની માફક, નોંધાયેલા બાંધકામ શ્રમિક અને તેમના પરિવારને કૅશલેસ વાર્ષિક આરોગ્ય સેવા આપવા માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અમલમા મુકવામાં આવશે. જે માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં **રૂા.૧૧૮.૪૦ કરોડની** જોગવાઈ સૂચવવામાં આવેલ છે.
5. **ધન્વન્તરી આરોગ્ય રથ યોજના** હેઠળ બાંધકામ ક્ષેત્રે કાર્યરત શ્રમિક, મહિલા અને બાળકોની તેમજ સગર્ભા મહિલાઓની વિના મુલ્યે પ્રાથમિક તબીબી સારવાર કરવામાં આવે છે અને નિ:શુલ્ક દવા પણ આપવામાં આવે છે. આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં **રૂા.૩૯ કરોડની** જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

6. **બાંધકામ શ્રમિકોના બાળકો માટે હોસ્ટેલ સહાય યોજના** થકી આદિવાસી જીલ્લાઓમાંથી સ્થળાંતરિત થતા બાંધકામ શ્રમયોગીના બાળકોને તેઓના વતનમાં રહીને જ શિક્ષણ સુવિધા મળી શકે તે માટે જે–તે શાળામાં જ જરૂરી વ્યવસ્થા કરીને બાળકો અભ્યાસ કરી શકે તે માટે હોસ્ટેલ સુવિધા પુરી પાડવામાં આવે છે. આ યોજના માટે વર્ષ ૨૦૨૩–૨૪ માં **રૂા.૧૦ કરોડની** જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

7. **આંતરરાષ્ટ્રીય કક્ષાના પાંચ મેગા ટેકનીકલ & વોકેશનલ એજ્યુકેશન ટ્રેનિંગ સેન્ટર(MeTVET) સ્થાપવા** માટે રાજ્યના જુદા જુદા વિસ્તારમાં જુદી જુદી પ્રકારના સેક્ટર આધારીત ઉદ્યોગો વિકસિત થયેલ છે. ઈન્ડસ્ટ્રીઝ ૪.૦ ની જરૂરિયાતને ધ્યાનમાં લઈ આ યોજના માટે પાંચ આઈ.ટી.આઈ. ખાતે **મેગા આઇટીઆઇ** સેન્ટર શરૂ કરવામાં આવશે. જેના માટે વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત **રૂા.૧૫૪.૬૦ કરોડની** જોગવાઇ કરવામાં આવેલ છે.

8. **ગો–ગ્રીન યોજના** અંતર્ગત સંગઠિત ક્ષેત્રે ફરજ બજાવતા શ્રમયોગીઓને દ્વિ–ચક્રીય ઈલેક્ટ્રીકલ વાહનની ખરીદી ઉપર **૩૦ ટકા અથવા રૂપિયા ૩૦૦૦૦** એ બે માંથી જે રકમ ઓછી હોય તેટલી રકમની સબસિડી તથા આર.ટી.ઓ.માં રજીસ્ટ્રેશન ફી ની રકમ અને સ્થાનિક સ્વરાજની સંસ્થામાં ભરવાપાત્ર રોડ ટેક્ષની રકમની પરત ચુકવણી કરવામાં આવે છે. આ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં ૫૦૦ શ્રમયોગીઓ માટે **રૂા.૧.૮૦ કરોડની** જોગવાઈ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

9. આ સરકારે દિવ્યાંગ શ્રમિકોની પણ ચિંતા કરેલ છે અને **નોંધાયેલ દિવ્યાંગ બાંધકામ શ્રમિકોને ઈલેક્ટ્રીક ત્રિ–ચક્રી વાહન (ઈ–રીક્ષા)** માટે **૫૦% અથવા રૂ.૪૮,૦૦૦/–** પૈકી જે ઓછી હોય તેટલી રકમની સહાય આપવામાં આવે છે. વધુમાં આર.ટી.ઓ. ટેક્સ તેમજ રોડ ટેક્સની પરત ચુકવણી પણ બોર્ડ દ્વારા આપવામાં આવે છે. જેના માટે વર્ષ ૨૦૨૩–૨૪ માં **રૂા.૧ કરોડની** જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

વધુમાં જણાવું છું કે, ધી ગુજરાત ફીઝીકલી હેન્ડીકેપ નિયમ અનુસાર દિવ્યાંગ વ્યક્તિઓને કારખાનાઓમાં રોજગારી આપવાની થાય છે. તેની સામે હાલમાં રાજયમાં ૨૨૮૧ કારખાનાઓમાં ૬૮૫૪ દિવ્યાંગ વ્યક્તિઓને રોજગારી અપાયેલ છે.

**(સ્કીલ માટે માન.પ્રધાનમંત્રીશ્રીની દુરંદેશીતા અને કૌશલ્ય સ્કીલ યુનિવર્સીટી)**

**માનનીય અધ્યક્ષશ્રી**

- દુરંદેશીતા ધરાવતાં આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે શ્રમયોગીઓમાં સ્કીલને ખૂબ મહત્વ આપેલ છે. રાજયના યુવાનોમાં જરૂરીયાત અનુસાર સ્કીલ વિકસે તે માટે અમદાવાદ જીલ્લાના શિલજ ગામે ૧૩ એકર જેટલી જમીન કૌશલ્યા સ્કીલ યુનિવર્સીટીની સ્થાપના માટે ફાળવવામા આવેલ છે. **જેનો શીલાન્યાસ માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા** કરવામા આવેલ છે. આ યુનિવર્સીટીના કેમ્પસના વિકાસ માટે સરકારશ્રી દ્વારા કુલ **રૂ.૧૬૪.૭૮ કરોડની** મંજુરી આપવામા આવેલ છે, જે અન્વયે આશરે ૫૦૦૦૦ ચોરસ મીટર બિલ્ટ અપ એરિયામા બાંધકામ શરૂ થઈ ગયેલ છે. વિવિધ ઉદ્યોગોની કુશળ માનવશક્તિની માંગને પહોંચી વળવા વિવિધ ઉદ્યોગોમાં ઉપયોગી એવું કૌશલ્ય આધારિત શિક્ષણ અને તાલીમ આપવા માટે રાજ્યની સર્વપ્રથમ એવી **‘કૌશલ્યા’-ધી સ્કીલ યુનિવર્સિટી** સમર્પિત છે. જે માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં **રૂ.૪૦ કરોડની** જોગવાઇ સુચિત કરવામા આવેલ છે.
- ડ્રોન ટેકનોલોજીના વિકાસ સાથે તાલથી તાલ મિલાવવા તેમજ દેશનું યુવાધન અદ્યતન ટેકનોલોજીથી સતત અપડેટ રહે, પોતાની સ્કીલને વધુ સારી રીતે એપ્લાય કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા ડ્રોનની અદ્યતન ટેકનોલોજીકલ સ્કીલ શીખવવા અને મેળવેલ સ્કીલને અપસ્કીલમાં સમાવિષ્ટ કરે તેવા ડ્રોન ક્ષેત્રના લેટેસ્ટ અભ્યાસક્રમો શરુ કરવાની જરૂરિયાત ઉભી થઇ છે. આવી જરૂરિયાતો પૂર્ણ કરવા તેમજ ઔદ્યોગિક એકમોની ડ્રોનના કુશળ માનવબળની માંગને પૂર્ણ કરવાના ઉદ્દેશથી કૌશલ્યા ધ સ્કીલ યુનિવર્સિટી અંતર્ગત સ્કુલ ઓફ ડ્રોન ની સ્થાપના કરવામાં આવી છે. જેના માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં **રૂ.૬.૫૧ કરોડની** જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

આ ગૃહને જણાવતાં અત્યંત ગૌરવની લાગણી અનુભવું છું કે, ભારત સરકાર દ્વારા સ્કીલ યુનિવર્સિટીને ડ્રોન પાયલટ તાલીમ માટે ડાયરેકટર જનરલ સીવીલ એવીએશન (DGCA) અધિકૃત રીમોટ પાયલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનની (RPTO) મંજૂરી આપવામાં આવેલી છે. કૌશલ્યા– ધ સ્કીલ યુનિવર્સિટી આ પ્રકારની મંજૂરી મેળવનાર સમગ્ર દેશમાં રાજ્યશાસિત **પ્રથમ યુનિવર્સિટી** છે, જે આપણા માટે ગર્વની બાબત છે. આજદીન સુધીમાં **૯૭ ઉમેદવારોને** ડ્રોન પાયલટની તાલીમ આપી લાયસન્સ ઈસ્યુ કરેલ છે.

- વધુમાં, વર્તમાન સમય માં કૌશલ્યા–ધ સ્કિલ યુનિવર્સિટીએ **ઓસ્ટ્રેલિયા તથા સિંગાપોર** સ્થિત **આંતરરાષ્ટ્રીય યુનિવર્સીટીઓ** સાથે સંલગ્નતા કેળવી છે, અને ભવિષ્યમાં પણ આ યુનિવર્સિટી અન્ય આંતરરાષ્ટ્રીય યુનિવર્સીટીઓ સાથે સંલગ્નતા સાધવા કટિબદ્ધ રહેશે.

## (અગ્રેસર ગુજરાત)

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહને જણાવતાં હું અત્યંત ગર્વની લાગણી અનુભવું છું તેમજ ગૃહના તમામ સભ્યોને અનુરોધ કરું છું કે, એક ગુજરાતી તરીકે આપણે સૌએ ગર્વ અનુભવવો જોઈએ કે, વિભાગ કેટલીક બાબતોમાં સમગ્ર રાષ્ટ્રમાં અગ્રેસર રહેલ છે. જેવી કે,

1. ભારત સરકારના મહાનિયામક રોજગાર, શ્રમ રોજગાર મંત્રાલય તરફથી પ્રકાશિત અહેવાલ મુજબ રોજગાર કચેરી દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય **પ્રથમ** ક્રમાંકે છે તેમજ મીનીસ્ટ્રી ઓફ સ્ટેટીસ્ટીકસ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન (MOSPI) , ભારત સરકાર દ્વારા જુલાઈ-૨૦૨૧ માં પ્રકાશિત થયેલ અહેવાલ અનુસાર સમગ્ર દેશનો બેરોજગારીનો દર **૪.૨ ટકા છે** જ્યારે ગુજરાતનો બેરોજગારીનો દર **ફક્ત ૨.૨ ટકા** છે.
2. મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના હેઠળ એપ્રેન્ટીશની ભરતી કરે તે માટે એકમોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. જેમાં પ્રતિ સ્નાતક એપ્રેન્ટિસની ભરતી માટે રૂા.૩૦૦૦, પ્રતિ ડીપ્લોમા એપ્રેન્ટીશની ભરતી માટે રૂા.૨૦૦૦ તથા ડીપ્લોમાંથી નીચેની કક્ષાના તમામ એપ્રેન્ટીશ માટે રૂા.૧૫૦૦ ની માસિક વળતર આપવામાં આવે છે.

મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના શરૂ કરવામાં સમગ્ર ભારતમાં **ગુજરાત સૌ પ્રથમ છે.** આ યોજના માટે કુલ **રૂ.૩૪.૯૩ કરોડની** જોગવાઈ કરવામાં આવેલ છે.

3. શ્રમતંત્રની સઘન કામગીરીના પરિણામે કારખાનામાં થતા પ્રાણઘાતક અકસ્માતમાં નિરંતર ઘટાડો થયેલ છે. કારખાનામાં થતા પ્રાણઘાતક અકસ્માતનો સરેરાશ દર છેલ્લા ૨૦ વર્ષમાં દર **એક હજાર** શ્રમયોગીએ **૦.૧૬** હતો જે ઘટીને વર્ષ ૨૦૨૨માં **૦.૧૦** થયેલ છે.

4. સમગ્ર રાજ્યના શ્રમયોગીઓને ૨૦૨૧-૨૨ ના વર્ષના બોનસની રકમ સમયસર મળી રહે અને કોઈ મુશ્કેલી ઉભી ન થાય તે માટે શ્રમ આયુક્ત કચેરી, ગાંધીનગર દ્વારા આગોતરી કાર્યવાહી હાથ ધરી સઘન પ્રયત્નો કરવામાં આવેલ. બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ હેઠળ નાણાકીય વર્ષ સને ૨૦૨૧-૨૨ ના અંતે રાજ્યમાં કુલ ૮,૧૨,૧૧૭ શ્રમિકોને **રૂ.૯૯૪.૬૭ કરોડથી વધુ** રકમ બોનસ તરીકે ચૂકવણી કરવામાં આવેલ છે. આ વર્ષે બોનસ ચુકવી આપેલ શ્રમયોગીઓ તેમજ ચુકવાયેલા બોનસની રકમમાં વધારો થયેલ છે.

# મહેસૂલ વિભાગ

**માનનીય અધ્યક્ષશ્રી,**

- એમ કહેવાય છે કે મહેસૂલ વિભાગ અત્ર તત્ર સર્વત્ર છે. મહેસૂલ વિભાગે ખેડુતોની જમીનના હક્ક બાબતે તથા તેમને કોઇ હાલાકી ન પડે અને સુશાસનનો પળેપળ અહેસાસ થાય તેની કાળજી લીધેલ છે. ગુજરાતની ઉતરોત્તર વધતી વિકાસની હરણફાળે દેશ–વિદેશનું ધ્યાન આકર્ષિત કરેલ છે.
- હું મહેસૂલ વિભાગની નાણાકીય વર્ષ ૨૦૨૩ - ૨૪ ની રૂ.૫૧૪૦ કરોડની બજેટ માંગણી લઈને સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયેલ છું.
- આ વિભાગ હેઠળ વર્ષ: ૨૦૨૨-૨૩ ની બજેટ જોગવાઇ રૂા ૪૩૯૪ કરોડ છે. આ જોગવાઈ સામે આગામી વર્ષ: ૨૦૨૩-૨૪ માં રૂા. ૭૪૬ કરોડ નો વધારો કરી રૂા.૫૧૪૦ કરોડની જોગવાઇ કરવામા આવેલ છે. આમ, વિભાગ માટેની નાણાકીય જોગવાઇમાં સત્તર ટકા (૧૭ ટકા) નો માતબર વધારો આપવા બદલ હું ગુજરાતના મક્કમ અને મૃદુ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈનો સમગ્ર રાજયના તમામ નાગરિકો વતી આભાર વ્યકત કરુ છું.

## ❖ સરકારી જમીનની વિવિધ હેતુઓ માટે ફાળવણી

માનનીય અધ્યક્ષશ્રી,

- આપણું ગુજરાત માળખાકીય સુવિધાઓ ક્ષેત્રે અગ્રેસર છે. આ માળખાકીય સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો કરવા માટે જ્યારે જમીનની જરૂરીયાત હોય ત્યારે, સરકારી જમીનનો યોગ્ય હેતુ માટે મહત્તમ ઉપયોગ થઈ શકે તે માટે અમારી સરકાર માંગણી મુજબ વખતોવખત સરકારી જમીન ની ફાળવણી કરે છે.
- ગુજરાત સરકારે વડોદરા ખાતે રાષ્ટ્રીય મહત્વની સંસ્થા ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફરમેશન ટેકનોલોજી (IIIT),વડોદરાને ૫૦ એકર સરકારી જમીન ફાળવી છે.
- ઓખા અને બેટ દ્વારકા વચ્ચે સરળતાથી આવાગમન થાય તે સીગ્નેચર બ્રીજ ના હેતુ માટે રાજ્ય સરકારે દ્વારકા તાલુકાના ઓખા અને બેટ ગામોની કુલ ૧,૧૫,૫૮૧ ચો.મી. સરકારી જમીનની ફાળવણી કરેલ છે.
- ગિફ્ટ સિટી એ રાષ્ટ્રીય મહત્વનો પ્રોજેક્ટ છે અને દેશ વિકસિત રાષ્ટ્ર બનવાના સ્વપ્નને સાકાર કરવા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે તે ભારતની વિકાસગાથાનો

એક અભિન્ન ભાગ બની ગયો છે. ગુજરાત ઇન્ટરનેશનલ ફાયનાન્સ ટેક–સીટી કંપની લી. ગીફ્ટ સીટી ને ચાલુ નાણાકીય વર્ષમાં વધુ ૨,૮૬,૫૧૭ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવેલ છે.

- ગુજરાત સરકાર દેશનું સંરક્ષણ મજબૂત થાય તે માટે પ્રતિબદ્ધ છે. બીએસએફ, મિલિટરી, નેવી, કોસ્ટગાર્ડ વગેરેને ૧૮,૫૫,૬૯૮ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી છે.
- માન. પ્રધાનમંત્રીશ્રીનું ભારતના તમામ નાગરિકોને ઘર પૂરું પાડવાનું સ્વપ્ન છે. આ સ્વપ્ન પૂરું કરવા માટે મહેસૂલ વિભાગ સતત કાર્યશીલ છે. નગરપાલિકા, મહાનગરપાલિકા તથા શહેરી વિકાસ સત્તામંડળોને વિવિધ આવાસ યોજનાઓ માટે ૩૩,૯૪૦ ચો.મી. સરકારી જમીનની ફાળવણી કરવામાં આવેલ છે.
- ગત નાણાકીય વર્ષમાં પી.એચ.સી., સી.એચ.સી, અને પેટા આરોગ્ય કેન્દ્ર માટે ૯,૭૬૫ ચો.મી. જમીન આપવામાં આવેલ છે.
- દૂધ ઉત્પાદક મંડળીઓ અને સહકારી મંડળીઓને ૧,૧૮,૪૧૯ ચો.મી. જમીન ફાળવેલ છે.
- માનનીય પ્રધાનમંત્રીશ્રીનો ડ્રીમ પ્રોજેક્ટ "બુલેટ ટ્રેન" ગુજરાતના વિકાસને ગતિ આપશે. આ પ્રોજેક્ટના ગુજરાત રાજ્યના વિસ્તારના કુલ ૯૮ % જમીન સંપાદન નું કાર્ય ગુજરાતમાં પૂર્ણ થઇ ગયેલ છે ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર માટે અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે અમારી સરકારે ૩,૮૯,૭૯૭ ચો.મી. જમીન ફાળવેલ છે.
- રાજયના કોઈપણ શહેરી વિસ્તારમાં પાણી પુરવઠા તથા ગટર વ્યવસ્થાની માળખાકીય સુવિધા સુપેરે મળી રહે તે આશયથી મારા વિભાગ દ્વારા નગરપાલિકા, મહાનગરપાલિકા, પાણી પુરવઠા બોર્ડને જંત્રીના ૧૦ ટકા કિંમતે જમીન ફાળવણી કરેલ છે. આ હેતુસર કુલ ૪,૬૩,૪૯૧ ચો.મી. જમીન ફાળવેલ છે.
- રાજયના નાગરિકોને વીજ પુરવઠો સતત મળી રહે તે માટે વીજ સબસ્ટેશન માટે જેટકોને ૫,૫૪,૧૬૩ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.
- જી.આઇ.ડી.સી.ને ૩,૪૩,૪૬૦ ચો.મી. જેટલી બહોળા પ્રમાણમાં જમીન ફાળવેલ છે.

## ક્રાંતિકારી મહેસૂલી સુધારા

માનનીય અધ્યક્ષશ્રી, ક્રાંતિકારી મહેસૂલી સુધારાઓનો આછો ચિતાર હવે હું આપની સમક્ષ રજૂ કરૂં છું.

### ❖ કચ્છ ભૂકંપના અસરગ્રસ્ત કબજેદારોને મકાનની સનદ/માલિકી હક્ક

- કચ્છ જિલ્લામાં અંદાજે ૮૦ કરતા વધુ ગામોમાં હજારોની સંખ્યામાં ભૂકંપ અસરગ્રસ્ત લોકોના મકાન ધારકોને સનદ કે માલિકી હક્ક પ્રાપ્ત થયેલ નથી. ઉક્ત લાંબાગાળાના પ્રશ્નના નિરાકરણ સ્વરૂપે કચ્છ જિલ્લામાં અસરગ્રસ્તોને ગામોમાં ગામતળ નીમ કરવા અને અસરગ્રસ્ત કબજેદારોને મકાનની કબજા કિંમત વસૂલ્યા સિવાય સનદ/માલિકી હક્ક આપવાની કાર્યવાહી કરવા અંગે તા.૨૫/૦૫/૨૦૨૨ના રોજ ઠરાવ પ્રસિદ્ધ કરેલ છે.

### ❖ બિનખેતી પરવાનગીના હુકમમાં સમાવિષ્ટ બાંધકામની સમયમર્યાદા

- રાજ્યના ખેડૂતો પોતાની માલિકીની જમીનને બિનખેતી રૂપાંતર માટે અરજી કરે ત્યારે તેના બિનખેતી પરવાનગીના હુકમમાં જમીન મહેસૂલ નિયમ અન્વયે "છેલ્લા ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે" તે મુજબની શરત રાખવામાં આવતી હતી. સંજોગવશાત બિનખેતીનું બાંધકામ સમયમર્યાદા (ત્રણ વર્ષ)માં પૂર્ણ કરવામાં ન આવે તો શરતભંગની કાર્યવાહી કરવામાં આવતી હતી. સદરહુ શરતભંગ અન્વયે લોકોને પડતી હાડમારી નિવારવા, વહીવટના સરળીકરણ અને પારદર્શીતા લાવવાના હેતુસર અમારી સરકારે બાંધકામની સમયમર્યાદાની શરત દૂર કરવા નિર્ણય કરેલ છે અને શરતભંગના કેસો ચલાવતી સમયે બિનખેતી પરવાનગીના હુકમમાં બાંધકામની સમયમર્યાદા બાબતના કેસોને શરતભંગ ન ગણવા સર્વે કલેક્ટરશ્રીઓને સૂચિત કરેલ છે.

### ❖ આદિજાતિ વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક કનેક્ટીવીટી

- આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાઓના ૫૩ તાલુકાઓના ૫૪૩ ગામોમાં મોબાઈલ નેટવર્ક કનેક્ટીવીટી મળે અને સરકારના યોજનાકીય લાભો અને ઓનલાઈન શિક્ષણથી આદિજાતિ વિસ્તારના લોકો વંચિત ન રહે માટે સેલ્યુલર ઓપરેટરને ટેકો અને સગવડ આપવા મહેસૂલ વિભાગના તા.૨૦/૦૯/૨૦૨૨ના ઠરાવથી આદિજાતિ વિસ્તારના મોબાઈલ નેટવર્ક કનેક્ટીવિટી વિહોણા ૫૪૩ ગામોમાં

મોબાઈલ ટાવર પ્રસ્થાપિત કરવા માટે સેલ્યુલર ઓપરેટરને મહત્તમ ૨૦૦ ચો.મી. ની મર્યાદામાં સરકારી/ગામતળની જમીન ૩૦ વર્ષના ભાડાપટ્ટે ફાળવવા ઠરાવેલ છે.

- રાજ્યમાં રમત ગમત મેદાન અને  સ્પોર્ટસ સંકુલ માટે જિલ્લા કક્ષાએ ૧૫ થી ૨૦ એકર, તાલુકા કક્ષાએ ૬ થી ૭ એકર અને ગ્રામ્ય કક્ષાએ ૩ થી ૪ એકરમાં મેદાન માટે જમીન ફાળવવા અંગેના માપદંડો નિયત કરેલ છે.
- માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગે ૨૪ ઈનામી નાબૂદી કાયદાઓ હેઠળ કબજાહક્કની શરતોની ઘોષણા કરતા ઠરાવો બહાર પાડ્યા છે. જેનાથી ઈનામી નાબૂદી કાયદાઓ ની જમીનના કબ્બજેદારોની હાડમારીનો અંત આવશે.
- મહેસૂલ વિભાગમાં પેઢીનામામાં સોગંદનામાના બદલે સ્વ–ઘોષણાપત્ર અમલી બનાવેલ છે. જેનાથી નાગરિકોના સમય અને નાણાનો બચાવ થશે. તેમજ અગાઉ ફક્ત ખેતીની જમીન અને બિનખેતીની જમીન (ખુલ્લા પ્લોટ) માટે જ પેઢીનામું બનાવી આપવાની જોગવાઈ હતી. જેના બદલે હવેથી  તા.૨૦/૦૯/૨૦૨૨ના પરિપત્રથી ખેતીની જમીન અને બિનખેતીની જમીન (ખુલ્લા પ્લોટ) ઉપરાંત મકાનો, ફ્લેટ, એપાર્ટમેન્ટ, વાણિજ્ય દુકાનો, ઓફીસો જેવી તમામ સ્થાવર મિલકતો માટે પણ પેઢીનામું બનાવી આપવા બાબતે જોગવાઈ કરેલ છે.

## ❖ નાગરિકોને મહેસૂલી ઓનલાઇન સેવાઓ

- માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના વિકાસ તથા ઉદ્યોગોના વિકાસને એક જ પટલ પર લાવવાનું કામ ઇંટીગ્રેટેડ ઓનલાઇન રેવન્યુ એપ્લીકેશન પોર્ટલ / આઇઓરા iORA થકી સાર્થક બન્યું છે. ગુજરાત રાજયનો ખેડૂત આઇઓરા પોર્ટલ થકી પોતાના નાના મોટા કામ જેવા કે ખેડૂત ખરાઇ ની અરજી, વારસાઇ નોંધ, હયાતીમાં હકક દાખલ વગેરે નોંધો માત્ર એક જ પોર્ટલ પરથી કરી શકે છે. વધુમાં, ડીજીટલી સાઇન સાથેના તથા ક્યુ આર કોડવાળા ગામ નમુના નં. ૬,૭/૧૨ તથા ૮–અની નકલો, ડીજીટલી સીલ્ડ પ્રોપર્ટી કાર્ડની નકલ, ડીજીટલી સહી કરેલ દસ્તાવેજની નકલ ગ્રામ પંચાયત ખાતેથી તથા ઘરે બેઠા ઓનલાઇન પણ મેળવી શકે છે.

- આઇઓરા પોર્ટલ થકી બીનખેતી સેવા સંલગ્ન અરજીઓ જેવી કે પ્રિમિયમની નવી શરતની જમીનની અરજી, બોનાફાઇડ પર્ચેઝરની અરજી, પ્રામાણિક ઔદ્યોગીક હેતુ માટે જમીન ખરીદવાની અરજી વગેરે જેવી કુલ–૩૪ પ્રકારની સેવાઓ ઓનલાઇન ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.
- આ ઉપરાંત **બોર્ડ કોર્પોરેશન** માટે જમીનની માંગણી તથા **વિવિધ સરકારી વિભાગો** દ્વારા પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડીઓ, પોલીસ સ્ટેશન બનાવવા માટેની તથા અન્ય હેતુઓ માટે જમીન અંગેની માંગણી અરજીઓની પ્રક્રિયા પણ પોર્ટલ મારફતે ઓનલાઇન કરવામાં આવેલ છે. જેમાં પરવાનગી મળતાંની સાથે જ ઇ–સાઇન વાળા હુકમની નોંધ જે તે અરજદારના ખાતે નોંધાય છે.જેથી વહીવટી હેતુઓ માટે જમીનની માંગણીની પ્રક્રિયા પણ સરળ બનવા પામી છે.
- મહેસૂલ વિભાગના તા.૧૮/૧૧/૨૦૨૧ના ઠરાવથી કોમ્પ્યુટરાઈઝ્ડ જનરેટ થતાં મહેસૂલી દસ્તાવેજોમાં (ગામ નમૂના નં.૬, ૭/૧૨ અને ૮–અ) ની ડિજીટલી સાઈન ક્યુ આર કોડ સાથેની પ્રમાણિત નકલો ઓનલાઈન પોર્ટલ પરથી ઉપલબ્ધ થઈ જાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં તા. ૨૨/૦૨/૨૦૨૩ની સ્થિતિએ કુલ ૮૫ લાખથી વધુ નકલો ઓનલાઈન ઈસ્યુ કરવામાં આવેલ છે.
- આઇઓરા પોર્ટલ સાથે સીટી સર્વે ઇન્ફોરમેટીક સીસ્ટમ અને ઈ–ધરાના જોડાણથી રાજ્યમાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં બિનખેતીની પરવાનગી મળતાની સાથે જ, બિનખેતી કરાવનાર આવા મારા તમામ નાગરીકોને, કોઈ પણ અરજી કર્યા વિના સીધા જ પ્રોપર્ટી કાર્ડ બનીને, ડિજિટલી ઉપલબ્ધ થઇ જાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## ❖ ઓટોમ્યુટેશન

- ખેતીની જમીનના વેચાણના કિસ્સામાં અગાઉ સબરજીસ્ટ્રાર કચેરી ખાતે નોંધણી પ્રક્રિયા પૂરી કર્યા બાદ તેની ફેરફાર નોંધ ઇ–ધરા કેન્દ્રમાં પાડવામાં આવતી હતી. તેને બદલે ઓટોમ્યુટેશન થાય તે હેતુથી **ગરવી સોફ્ટવેરમાં** સબરજીસ્ટ્રાર કચેરી ખાતે વેચાણ લેનાર, વેચાણ આપનાર તથા થર્ડ પાર્ટીના નામ, સરનામા વગેરે વિગતો દાખલ કરીને તે ડેટા ગરવી સોફ્ટવેર સીસ્ટમ દ્વારા ઓનલાઇન ઇ–ધરામા જાય છે. જેમાં, કાચી ફેરફાર નોંધ અને કલમ–૧૩૫–ડી ની નોટીસ જનરેટ થાય છે. આમ,

ખેતીના જમીનમા વેચાણની ફેરફાર નોંધ ઓટોમ્યુટેશન પદ્ધતિથી દાખલ કરવાની સુવિધા સરકારે કરી છે.

- વારસાઈની ફેરફાર નોંધ માટે ઓનલાઇન અરજી કરવાની દાખલ કરવામા આવેલ સુવિધા હયાતીની હક્ક દાખલ કરવા માટે પણ અમલમાં મૂકવામાં આવી છે. હયાતીમાં હક્ક દાખલ કરવા માટે અગાઉ અરજદારે નિયત ફોર્મમાં અરજી, જરૂરી પુરાવા જેવા કે હયાતીમા હક્ક દાખલનો સંમતી લેખ, પેઢિનામુ વગેરે સહિત ઇ–ધરાના નાયબ મામલતદારને નોંધ પાડવા માટે રજૂ કરવામાં આવતું અને તેના આધારે ઈ–ધરામાં કાચી ફેરફાર નોંધ પાડવામાં આવતી હતી. આ સેવા વધુ ઝડપી, સરળ અને સુવિધાપૂર્ણ બને તે માટે અરજદાર આઈઓરા પોર્ટલમાં ઓનલાઇન અરજી કરી શકે તેવી પદ્ધતિ મહેસૂલ વિભાગનાં તા. ૨૭/૦૨/૨૦૨૩ના પરિપત્રથી અમલમાં મુકવામા આવી છે.

## ❖ ગરવી ટુ પોઈન્ટ ઝીરો (૨.૦)

- દસ્તાવેજની નોંધણીની પ્રક્રિયામાં વધુ પારદર્શકતા લાવવા તથા પક્ષકારોનો કિંમતી સમય બચે, સરકારી સંસાધનોનો યોગ્ય ઉપયોગ થઈ શકે તે હેતુથી ગરવી વેબ એપ્લિકેશન અપગ્રેડ કરી તારીખ ૦૩/૧૦/૨૦૨૨ ના રોજ સમગ્ર રાજ્યમાં ગરવી ટુ પોઈન્ટ ઝીરો ૨.૦ લોન્ચ કરવામાં આવ્યુ છે.
- ગરવી ૨.૦ ના અમલીકરણથી દસ્તાવેજ નોંધણી માટેની સમગ્ર પ્રક્રિયાનો સમયગાળો ૨૦ મિનીટથી ઘટીને ૭ થી ૮ મિનિટ નો થયેલ છે
- પક્ષકારો ઘરે બેઠા ઓનલાઈન નામ, સરનામાતથા મિલકત ની વિગતો ની ડેટા એન્ટ્રી કરી ઓનલાઈન ફી ભરી દસ્તાવેજ નોંધણી માટે અપોઈમેન્ટ મેળવી શકે છે .આ સુવિધાથી પક્ષકારોના સમયનો બચાવ થાય છે તથા કચેરીમાં તેમના કામનો ભૂલ રહિત ઝડપી નિકાલ થાય છે.
- સબરજીસ્ટ્રાર કચેરીઓમાં નોંધાયેલ લેખોની ઈન્ડેક્ષ–૨ની નકલ અને દસ્તાવેજની પ્રમાણિત નકલ ઘરે બેઠા ઓનલાઈન મેળવી શકાય તે માટેની સુવિધા આઇઓરા પોર્ટલ પર ઉપલબ્ધ કરેલ છે.

## જમીન સંપાદન

- અમદાવાદ–મુંબઇ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ, જી.આઇ.ડી.સીના બલ્ક ડ્રગ પાર્ક, વડનગર ડેવલોપમેંટ પ્રોજેક્ટ, બ્લ્યુ ફ્લેગ બીચ, ભાડભુત યોજના, રાજકોટ– ગ્રીન ફિલ્ડ એરપોર્ટ, મીયાગામ– કરજણ–ડભોઈ–સમલાયા રેલવે લાઈન ગેઝ કન્વર્ઝન જેવા મહત્વના પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની કામગીરી થઈ રહેલ છે.
- ખેડૂત ખાતેદારને  ઝડપથી વળતર મળી રહે તેમજ રાજ્ય કે કેંદ્ર સરકારના અતિમહત્વના પ્રોજેક્ટ સમયમર્યાદામાં પૂર્ણ થઈ શકે તેવા આશયથી ગતિશક્તિ ગુજરાત અંતર્ગત જમીન સંપાદનની કામગીરી ઓનલાઈન થઈ શકે તે માટે બાયસેગ, ગાંધીનગર અને જી.આઈ.ડી.બી.ના પરામર્શમાં જમીન સંપાદન પોર્ટલ વિકસાવવામાં આવ્યુ છે. જેમાં જમીન સંપાદન માટેના જાહેરનામા ઓનલાઈન પોર્ટલના માધ્યમથી મંજુર કરવાનું ફેબ્રુઆરી–2022થી ફરજિયાત કરવામાં આવેલ છે. આનાથી કલમ–10(ક), કલમ–11(1) અને કલમ–19(1)ના સંપાદનના જાહેરનામા મંજુર કરવાનું પહેલાં કરતા ઝડપી અને પારદર્શક બનેલ છે.

## જમીન દફતર ખાતું

- રાજ્યમાં મૂળ સરવે પછી પ્રથમવાર સમગ્ર રાજ્યની ખેતીની જમીનોની નવેસરથી આધુનિક માપણીની ટેકનોલોજીનો ઉપયોગ કરી જમીન સાથે હીત ધરાવતા તમામને ચોકકસ અને ડીજીટલ રેકર્ડ પુરો પાડવાના હેતુથી સંકલીત કાર્યક્રમ અને ૨૦૦૯–૧૦ થી હાથ ધરેલ છે. રાજ્યના તમામ ૩૩ જિલ્લામાં આ કામગીરી પ્રગતિ હેઠળ છે. માપણી હેઠળના કુલ ૧૮,૦૪૬ ગામો પૈકી કુલ ૧૮૦૩૫ ગામમાં માપણી પુર્ણ થયેલ છે અને ૧૧૯૮૮ ગામના રેકર્ડ પ્રમોલગેટ કરી અમલવારી કરવામાં આવેલ છે.રી સરવે પછી હકપત્રક (ગામ નમુના નં ૭) સાથે જે તે સરવે નંબરનો નકશો આપનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે.
- રાજ્યમાં રી સરવેના પ્રમોલગેશન બાદના ખેડુત ખાતેદારોની વાંધા અરજીઓ માટે સાદી અરજી લઈને તથા કોઈપણ માપણી ફી લીધા વગર વાંધા અરજી નિકાલની કામગીરી કરવામાં આવે છે. હાલમાં રાજ્યના કુલ ૩૩ જિલ્લામાં કુલ ૫,૯૩,૦૬૨ વાંધા અરજી મળેલ છે જે પૈકી ૪,૫૧,૩૨૨ વાંધા અરજીનો માપણી પુર્ણ કરી નિકાલ કરવામાં આવેલ છે.

- રી–સરવે પ્રમોલગેશન થયેલ ગામોના ડીઝીટલ નકશાને "ભુ–નકશા" એપ્લોકેશનમાં ૧૧૯૮૮ ગામોના નકશાને ડીઝીટલ જી આઇ એસ બેઝ ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ છે.અને તે પૈકી ૧૧૯૨૮ ગામોના નકશાના સરવે નંબરોમાં યુનિક લેન્ડ પાર્સલ આઇડેન્ટીફીકેશન નંબર તૈયાર કરવામાં આવેલ છે.
- રાજયમાં રી સરવે રેકર્ડ પ્રમોલગેશન બાદ તૈયાર થયેલ જીયોગ્રાફિકલ કોર્ડીનેટવાળા ડીઝીટલ નકશાઓના રેકર્ડને અધતન કરી નિભાવણી માટે ડી જી પી એસ (DGPS) મશીનોની ખરીદીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે. આ કામગીરી ઝડપી બનાવવા ડી.જી.પી.એસ (DGPS) મશીનો માટે વર્ષ ૨૦૨૩–૨૪ ના બજેટમાં રૂ. ૨૮૦૦ લાખ ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- રાજયમાં સ્વામિત્વ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૩માં રાજયના ૪૬૬૩ ગામોમાં ડ્રોન દ્વારા મિલકતોની માપણી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.૨૬૮ ગામો ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી અને ૧૦૯ ગામોમાં પ્રમોલગેશન અને ૧૮,૫૮૬ પ્રોપર્ટીકાર્ડ તૈયાર થયેલ છે. વર્ષ ૨૦૨૩–૨૪ ના બજેટમાં ડ્રોન થી માપણી કર્યા બાદના પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવાની સ્વામિત્વ યોજના ની કામગીરી કરવા રૂ. ૪૦૫ લાખ ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- સીટી સર્વે કચેરીઓમાં રહેલ મિલ્કતોને લગતા જુના ઓરીજીનલ રેકર્ડના સ્કેનિંગની કામગીરી માટે વર્ષ ૨૦૨૩–૨૪ માટે રૂ.૫૦૦/– લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.
- પી.એમ ગતી શક્તિ પોર્ટલ પર શહેરી વિસ્તારોના નકશા ઈમેજ ઉપલબ્ધ કરાવવા માટેની કામગીરી માટે વર્ષ ૨૦૨૩–૨૪ માટે રૂ.૨૫૨.૫૦/– લાખ ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- અંદાજપત્રમાં પાટણ ખાતે નવી કલેકટર કચેરી તથા ઈડર, બાબરા, ઉપલેટા, અને માળીયા (હાટીના) ખાતે નવી મામલતદાર કચેરીના બાંધકામ તથા ઉંઝા અને ભિલોડા મામલતદાર કચેરીના પ્રથમ માળના બાંધકામ માટે ૪૫.૫૫ કરોડ ની જોગવાઇ અને અન્ય મહેસૂલ કચેરીઓના બાંધકામ માટે ૯૯.૬૨ જોગવાઇ કરેલ છે.
- નાગરિકોને વધુ સારી સુવિધાઓ માટે રાજયની સબ રજીસ્ટ્રાર અને સ્ટેમ્પ કચેરીઓના રીનોવેશન અને અપગ્રેડેશન માટે ૭.૪૦ કરોડ ની જોગવાઇ કરેલ છે.

- ૦૬(છ) સબ રજીસ્ટ્રાર કચેરીના નવીન બાંધકામ માટે રૂ. ૧૧.૪૫ કરોડ અને અમદાવાદ ખાતે સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ભવન બનાવવા માટે રૂ. ૨૪.૩૯ કરોડની જોગવાઈ અને  સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ અને નોંધણીસર નિરીક્ષક અને જમીન દફતર  ખાતાની અન્ય કચેરીઓના બાંધકામ માટે ૩૭.૫૨ કરોડની જોગવાઈ કરેલ છે.

## આપત્તિ વ્યવસ્થાપન

- રાજયના વિવિધ હેતુસર જમીન ફાળવણી અને જમીનના વ્યવસ્થાપન સાથે રાજય સમક્ષ આવનાર કોઈપણ આપતિ સામે દ્રઢપણે મુકાબલો કરવા માટે પણ મહેસૂલ વિભાગ સજ્ઞ છે.

### ❖ રાહત પગલાં-૨૦૨૨

ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૩માં મહેસૂલ વિભાગ દ્વારા મુખ્ય સદર-૨૨૪૫ " કુદરતી આફતો અંગે રાહત સદર" હેઠળ તા.૩/૨/૨૦૨૩ની અંતિત સ્થિતિએ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને કૃષિ રાહત પેકેજ અંતર્ગત નાના અને સીમાંત ખેડૂતોને સહાય માટે રૂા.૧૧૯,૯૨,૭૦,૪૦૧ તથા કોરોના વાઈરસ અંતર્ગત વુમન ડીગનીટી કીટ માટે પાંચ જિલ્લા કલેક્ટર કચેરીને રૂ.૨૦,૧૫,૦૦૦ અને કોરોનાના કારણે મૃત્યુ પામેલ વ્યકિતના વારસદારોને રહેમરાહે ચૂકવણી અર્થે તમામ કલેકટર કચેરીને કુલ રૂ.૪૮,૫૩,૦૦, ૦૦૦ ની ગ્રાંન્ટ ફાળવેલ છે.

### ❖ વર્ષાઋતુ-૨૦૨૨ કામગીરી

વર્ષાઋતુ-૨૦૨૨ દરમ્યાન રાજયમાં સરેરાશ વરસાદના ૧૨૨.૦૯ ટકા વરસાદ નોંધાયેલ છે. જે અન્વયે રાજય સરકાર દ્વારા માનવમૃત્યુ સહાય પેટે રૂા.૫૮૦ લાખ, પશુમૃત્યુ સહાય માટે- રૂા.૧૬૧.૭૦ લાખ, રોકડ સહાય રૂા.૪૧૭.૭૧ લાખ, ઘરવખરી સહાય રૂા.૭૮૦.૨૯ લાખ, ઝુંપડા સહાય રૂા. ૨.૪૨ લાખ અને મકાન સહાય પેટે રૂા.૨૧૦.૬૨ લાખ અસરગ્રસ્ત વિસ્તારોમાં ચૂકવવામાં આવેલ છે.

## ❖ સ્મૃતિવન

- કચ્છમાં વર્ષ–૨૦૦૧ માં આવેલ ભયાનક ભૂકંપના પીડિતોને શ્રદ્ધાજંલી આપવાના અને કચ્છના પુન:નિર્માણ અને પુન:સ્થાપન માટે દાખવેલ નેતૃત્વને દર્શાવવાના હેતુથી ભુજ ખાતે સ્મૃતિવન મેમોરીયલનું નિર્માણ કરવામાં આવેલ છે. પ્રથમ તબક્કામાં ૧૧,૦૦૦ ચો.મીટરનું બાંધકામ કરાયેલ છે. જેમાં ૭(સાત) ઈન્ટરએક્ટીવ ગેલેરીઓમાં વિશ્વની સૌથી મોટી ધરતીકંપ સિમ્યુલેટર, ડિજિટલ હોમેજ ગેલેરી, જાણીતા કલાકારોના શિલ્પો, ૨૩૪ બેઠક ક્ષમતાનું ઓડિટોરિયમ, કાફે, પુસ્તકાલય, સોવેનીયર શોપનો સમાવેશ કરવામા આવેલ છે.

## ❖ રાષ્ટ્રીય ચક્રવાત જોખમ શમન પ્રોજેક્ટ

ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયાકિનારો ધરાવે છે જે વાવાઝોડા માટે સંવેદનશીલ છે. વારંવાર આવનાર વાવાઝોડાથી વ્યક્તિની જાનહાની તથા સરકારી અને વ્યક્તિગત માલમિલકતોને ખૂબ જ નુકશાન પહોંચે છે, જે વિકાસની ગતિમાં અવરોધ ઉત્પન્ન કરે છે. જેને ધ્યાને લઈને જી.એસ.ડી.એમ.એ દ્વારા વિશ્વ બેંક અને એન.ડી.એમ.એના સહયોગથી રાષ્ટ્રીય ચક્રવાત જોખમ શમન પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪માં આ યોજના માટે રૂ.૪૪૦૦ લાખ ની બજેટમાં જોગવાઈ સૂચવવામાં આવી છે.